dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

ધનતેરસની શુભકામના

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 29 | AD - 2024, Aaso Vad - 13 | Tuesday, Dt.29-10-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

# પ્રધાનમંત્રીના હસ્તે દુધાળા ખાતે ભારત માતા સરોવરનું લોકાર્પણ

અમરેલી,તા.૨૮



અમરેલીના દુધાળામાં નિર્માણ કરાયેલા ભારત માતા સરોવરનું લોકાર્પણ કરાયું હતું. ત્યાર બાદ લાઠીમાં આયોજિત કાર્યક્રમમાં સૌરાષ્ટ્રના ૯ જિલ્લાના રૂ. ૪૮૦૦ કરોડના ૧૬૦૦ પ્રકલ્પનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અમરેલી જિલ્લાની મુલાકાત દરમિયાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં દુધાળા ખાતે ગાગડીયો નદી પર નિર્મિત ભારતમાતા સરોવરનું લોકાર્પણ કર્યું હતું. વડાપ્રધાને કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં રિમોટની સ્વીચ દબાવી ૭૦ એકરમાં નિર્મિત અને ૨૪.૫૦ કરોડ લીટર પાણીની સંગ્રહ ક્ષમતા ધરાવતા આ ભારત માતા સરોવરની તકતીનું અનાવરણ કર્યું હતું. વડાપ્રધાન સહિતના મહાનુભાવો આ તકે પ્રદર્શનીના માધ્યમથી ગાગડીયો નદીના નવસર્જન અને જળસંચયનાં કામોથી અવગત થયા હતા. આ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાતા સરોવર સહિતના જળસંચયના કામોનું નિરીક્ષણ પણ કર્યું હતું. ગુજરાત સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશનના સહયોગથી અમરેલી જિલ્લામાં ગાગડીયો નદીનું નવસર્જન થયું છે. બાબરાના ચમારડી ગામેથી ઉદભવતી ગાગડીયો નદી પર જળસંચયના કામોથી સરોવર -ચેકડેમની હારમાળા સર્જાઈ છે. ગાગડીયો નદી પર આશરે ૩૦ જેટલા ચેકડેમ સરોવર બાંધવામાં આવ્યા છે. મહત્વનું છે કે, ગાગડીયો નદીને ઊંડી અને પહોળી કરવાની કામગીરીથી આ વિસ્તારમાં ભૂગર્ભ જળસ્તર ઊંચા આવ્યા છે. આ સાથે અમરેલી જિલ્લાના લાઠી- લીલીયા તાલુકાના ખેડૂતોને પરોક્ષ સિંચાઈનો લાભ મળી રહ્યો છે. ગાગડીયો નદી પર જળરાશિથી છલોછલ ભરેલા સરોવર-ચેકડેમથી નયનરમ્ય નજારો સર્જી રહ્યા છે.ભારતમાતા સરોવરની લોકાર્પણ વેળાએ રાજ્યના જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ, રાજ્યના મુખ્ય સચિવ રાજ કુમાર, ધોળકિયા ફાઉન્ડેશનના પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા, સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) મોડલ હેઠળ ગુજરાત સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા રૂ.૩૫ કરોડના ખર્ચે લાઠીના દુધાળા ખાતે હેતની હવેલી પાસે ભારતમાતા સરોવરનું નિર્માણ કરવામાં આવ્યું છે. વોટરશેડ ડિપાર્ટમેન્ટ હસ્તકના ૪.૫૦ કરોડ લીટર પાણીની સંગ્રહશક્તિ ધરાવતા ચેકડેમને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા ઊંડો કરવામાં આવ્યો છે. આ સાથે તેની પહોળાઈ પણ વધારવામાં આવી છે. ચેકડેમની બંને બાજુએ માટી નાખીને તેની મજબૂતાઈમાં વધારો કરવામાં આવ્યો છે. તેના પરિણામે ચેકડેમની પાણીની સંગ્રહશક્તિમાં ૨૦ કરોડ લીટરનો વધારો થયો છે. આ અવસરે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, કેન્દ્રિય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ, પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરા, વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલ, સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, ભરતભાઈ સુતરિયા, રાજ્યસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા, રામભાઈ મોકરિયા, પૂનમબહેન માડમ, કેસરીદેવસિંહ ઝાલા, કચ્છ-મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા, જુનાગઢના સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ઈફકોના ચેરમેન દિલિપભાઈ સંઘાણી, ધારાસભ્ય જે.વી.કાકડિયા, કૌશિક વેકરિયા, જનકભાઈ તળાવિયા, મહેશભાઈ કસવાલા, હિરાભાઈ સોલંકી, ડૉ.દર્શિતાબહેન શાહ તેમજ બોટાદ, જૂનાગઢ, ગીર સોમનાથ જિલ્લા ભાજપ પ્રમુખઓ, મહાનુભાવો, પદાધિકારીઓ- અધિકારીઓ સહિત નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.


## પ્રધાનમંત્રીએ જનસભામાં શું કહ્યુ...



ભારત માતા સરોવરના લોકાર્પણ બાદ પ્રધાનમંત્રી મોદીએ જનસભાને સંબોધી હતી. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, 'દેશ અને દુનિયાને ભારતની આ ગૌરવશાળી સમુદ્રી વિરાસતથી પરિચિત કરવાનો પ્રયાસ છે. દરેક પરિવારને વર્ષે વીજળીના બીલના ૨૫ થી ૩૦ હજાર બચે અને એટલું જ નહીં વધારાની વીજળી વેચીને કમાણી કરે તેવું મોટુ કામ આપણે ઉપાડ્યું છે. અત્યાર સુધીમાં લગભગ દોઢ કરોડ પરિવારે પીએમ સૂર્ય ઘર યોજના માટે નોંધણી કરાવી છે. ગુજરાતમાં બે લાખ ઘરો પર સોલાર પેનલ લાગી ગઈ છે. દુધાળા ગામમાં પીએમ સૂર્ય ઘર યોજનાના કારણે દર મહિને ૭૫ હજાર બચવાના છે.' દુધાળા ગામ અમરેલીનું પ્રથમ સોલાર વિલેજ બની રહ્યું છે તે માટે વડાપ્રધાને ગોવિંદભાઈને અભિનંદન પાઠવ્યા હતા. વડાપ્રધાને કહ્યું કે, 'જાફરાબાદના બાજરાના તો હું દિલ્હીમાં વખાણ કરતો હોઉ છું. હિરાભાઈ મને મોકલાવતા હોય છે.' ઉપરાંત કહ્યું કે, 'અમરેલીની કેસર કેરીને હવે GI ટેગ મળ્યો છે. જેના કારણે દુનિયાભરમાં અમરેલીની કેસર કેરીની GI ટેગ સાથે આબરું ઉભી થઈ છે અને તેની સાથે ઓળખ જોડાઈ ગઈ છે. આઝાદીના ૭૫ વર્ષ થયા ત્યારે સરકાર જાતજાતના કાર્યક્રમો કરી શકી હોત. પણ અમે એ ન કર્યું. અમે ગામડે ગામડે અમૃત સરોવર બનાવવાની યોજના બનાવી. જેનાથી પાણીના તળ ઉપર આવ્યા છે. એક સમયે પાણીના અભાવે સૌરાષ્ટ્ર અને કચ્છના લોકો પલાયન કરતા હતા એ દિવસો આપણે જોયા છે.' વધુમાં કહ્યું કે, 'આજના ૧૮-૨૦ વર્ષના જુવાનીયાને ખબર નહીં હોય કે પાણી વગર એક સમયે લોકો કેવા તરસતા હતા. આજે તો નળ ચાલુ કરીને ફૂવારાથી ન્હાતા હશે. પણ એક સમયે તેના માતાને બેડા ઉંચકીને ત્રણ ચાર કિમી દૂર પાણી લેવા જવું પડતું હતું. એક સમય હતો કે નર્મદાની પરિક્રમા જઈએ ત્યારે કહે કે પૂણ્ય મળે. યુગ બદલાયો માતા નર્મદા ખુદ પરિક્રમા કરીને ગામડે ગામડે પહોંચીને પાણી વહેંચી રહી છે. મેં સૌની યોજના લોન્ચ કરી ત્યારે કોઈ માનવા તૈયાર ન હતું કે આવું કંઈ થઈ શકે. પણ આ સૌની યોજનાએ કચ્છ સૌરાષ્ટ્રને નવું જીવન આપી દીધું. ધોળકીયા પરિવારે નદીઓને જીવતી કરી. નદીઓને જીવતી કરવાનો આ જ રસ્તો છે. આપણે નર્મદાથી ૨૦ નદીઓ જોડી હતી અને નદીઓમાં નાના તળાવો બનાવવાની આપણી કલ્પના હતી. જેથી માઈલો સુધી પાણીને સાચવી શકે. પાણી જમીનમાં ઉતરે એટલે અમી આવ્યા વગર રહે જ નહીં. પાણીનું શું મહત્વ છે તે ગુજરાત કે સૌરાષ્ટ્રના લોકોને સમજાવવું ન પડે.' વડાપ્રધાને અમરેલીની ધરતી પર જન્મ લેનારા અને દુનિયાભરમાં અમરેલીનું નામ રોશન કરનારા ભોજા ભગત, યોગીજી મહારાજ, દુલા ભાયા કાગ, કલાપી, રમેશ પારેખ, જાદુગર કે.લાલ, પૂર્વ મુખ્યમંત્રી જીવરાજ મહેતાને યાદ કર્યા હતા.




## જમ્મુ-કાશ્મીરમાં ત્રણ આતંકીઓને ઠાર મારતું સુરક્ષાદળ



(એ.આર.એલ),જમ્મુ,તા.૨૮

જમ્મુ-કાશ્મીરના અખનૂરમાં આતંકીઓએ સેનાના વાહનને નિશાન બનાવ્યું હતું. આ દરમિયાન અનેક રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. તાજેતરની માહિતી અનુસાર જવાબી કાર્યવાહીમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા છે. સુરક્ષા દળો હાલમાં વ્યાપક સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે.

જમ્મુના એસએસપીએ કહ્યું કે જમ્મુ જિલ્લાના અખનૂરમાં આસન મંદિર પાસે ત્રણ આતંકવાદીઓ જોવા મળ્યા હોવાનું માનવામાં આવે છે. તેઓએ આર્મી એમ્બ્યુલન્સ પર કેટલાક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો છે અને પોલીસ અને સુરક્ષા દળોએ સંયુક્ત સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. જમ્મુ-કાશ્મીરના એક સંવેદનશીલ વિસ્તારમાં જ્યાં ગોળીબારની ઘટનાઓ બની રહી છે ત્યાં સ્થિતિ તણાવપૂર્ણ છે. મળતી માહિતી મુજબ ફાયરિંગ સ્થળથી માત્ર પાંચસો મીટર દૂર આર્મી યુનિટનું લોકેશન આવેલું છે.






## વિક્રમ સંવત ૨૦૮૧ના વધામણા કરવા લોકોમાં અનેરો થનગનાટ

# અમરેલી સહિત જિલ્લામાં ખરીદી માટે ભારે ભીડ

અમરેલી,તા.૨૮

વિક્રમ સંવત ૨૦૮૧ ના વધામણા કરવા તહેવારોની રાણી દિવાળીનું રૂમઝૂમ આગમન થઈ રહ્યું છે ત્યારે અમરેલી સહિત સૌરાષ્ટ્રમાં દિવાળીની ખરીદી માટે છેલ્લા દિવસોમાં હવે બજારોમાં ભારે ભીડ જોવા મળી રહી છે. દિવાળી, બેસતા વર્ષની ઉજવણીની પરંપરા યથાવત રહી છે પરંતુ પદ્ધતિ બદલાય છે અને હવે પરંપરાગત તહેવારોમાં પણ આધુનિક યુગની અસર જોવા મળી રહી છે. અગાઉ દિવાળી અને બેસતા વર્ષે ઘર પર શુકન અને લક્ષ્મીને આવકારવા રિદ્ધિ સિદ્ધિના પ્રતીક આસોપાલવના તોરણ બાંધવામાં આવતા હતા. આસોપાલવના પાન અને સુતરના દોરાથી જ બનતા તોરણને ઘરના દરવાજે અવશ્ય લગાવવામાં આવતા આ પરંપરામાં માલેતુજારોના મહેલથી લઈ સામાન્ય અને ગરીબ ઘરના પરિવારના દરવાજે બેસતા વર્ષે અવશ્ય આસોપાલવના લીલા તોરણ બંધાઈ જતા હતા. હવે સમય જતા ટ્રેન્ડ બદલાયો હોય તેમ આસોપાલવના તોરણ પણ પ્લાસ્ટિકમાંથી બનવા લાગ્યા છે. બજારમાં પ્લાસ્ટિકના બનેલા ફૂલ બગીચાઓની ભરમાર લાગી છે. ઘર સજાવટની વસ્તુઓની ખરીદી માટે અમરેલીની બજારો રીતસર ઉભરાવા લાગી છે. દિવાળીના તહેવારો શરૂ થઈ ચૂક્યા છે ત્યારે અમરેલી શહેર સહિત અન્ય શહેરોના લોકો છેલ્લી ઘડી સુધી શોપિંગ કરવા માટે જાણીતા છે. અમરેલી શહેરના હરી રોડ, ટાવર રોડ, બસ સ્ટેશન રોડ સહિતના તમામ રસ્તા બજારોમાં હવે સવારથી સાંજ સુધી ખરીદી



માટે લોકોનો સ્વયંભૂ મેળો ભરાઈ જાય છે સાંજ પડતા જ શહેરના મોટાભાગના શોપિંગ સેન્ટર, મોલ અને વ્યવસાયિક ભક્તિસ્થાનો રોશનીથી ઝળહળી ઊઠે છે. શહેરની તમામ બજારોમાં રીક્ષા, ટુ વ્હીલર અને મોટરોનો કાફલો ઠેર-ઠેર પસાર થઈ રહ્યો છે. શહેરના તમામ વિસ્તારોમાં લારીવાળા, દુકાનદારો કોડીયાની સાથે સાથે પ્લાસ્ટિકના ઘર સજાવટના શણગારો લઈને વેપાર કરતા દેખાય છે તેની સાથે સાથે કપડા, બુટ અને મોબાઈલ એસેસરીઝ બજારમાં વિશેષ ખરીદી જોવા મળી રહી છે. દિવાળીની ખરીદીમાં ઘર સજાવટની વસ્તુઓમાં માટીના કોડિયાના બદલે પ્લાસ્ટિકના સિન્થેટિક દીવા, અનેક પ્રકારની સિરીઝ લાઈટ, ડેકોરેશન માટે અવનવી વેરાઈટીનો ખજાનો બજારમાં ઉપલબ્ધ થયો છે. શહેરમાં ઘર સજાવટની વસ્તુઓની સાથે સાથે રેડીમેડ કપડા, જુદા-જુદા ગોગલ્સ, પર્સ, બેલ્ટ, મોબાઈલ ખરીદીની સાથે સાથે મહેમાનો માટે મુખવાસ, નાસ્તા, ખાણીપીણીની વસ્તુઓમાં મોટા પાયે માંગ ઊભી થઈ છે. ખાનગી અને સરકારી કર્મચારીઓને બોનસ મળી જતા બજારોમાં હવે દિવાળીની અસલ રોનક જોવા મળે છે. દિવાળીને ગણતરીના દિવસો બાકી છે ત્યારે આ વખતે અલગ-અલગ મેટલના અને એલિગન્ટ દેખાતાં દીવડાંની ડિમાન્ડ સૌથી વધારે છે. માત્ર દેશ જ નહીં, પરંતુ વિદેશથી પણ આજ મેટલના દીવડાં લોકો ખૂબ જ પસંદ કરી રહ્યા છે. આ દીવડાંની ખાસિયત એ છે કે એને માત્ર તેલ જ નહીં, પરંતુ એલઈડી લાઈટ, પાણી અને મીણબત્તીથી પ્રજ્વલિત કરી શકાય છે. સામાન્ય રીતે માટીના દીવડાં લોકો દિવાળીના પર્વ પર પ્રજ્વલિત કરતા હોય છે. આ વર્ષો જૂની પરંપરા છે, પરંતુ હાલ ટ્રેન્ડ બદલાયો છે. આ મેટલ દીવડાં સૌથી વધારે કોર્પોરેટ સેક્ટરમાં લોકો મગાવી રહ્યાં છે. ગિફ્ટ આપવાની સાથે ઘરમાં મૂકવાથી પણ આ ખૂબ જ આકર્ષક લુક આપે છે. દીવડાં આયર્ન, બ્રાસ, સિલ્વર અને ગોલ્ડ કોટિંગથી હાલ તૈયાર કરવામાં આવ્યાં છે, જેની કિંમત પચાસથી શરૂ થાય છે અને અઢી હજાર રૂપિયા સુધીની છે.

### ઈલેકટ્રીક દીવડાનો ક્રેઝ વધ્યો

હિન્દુ ધર્મને લગતાં તમામ ચિહ્ન પર દીવડાંની બનાવટ, આ દીવડાંની ખાસિયત એ છે કે અંદર પાણી ભરવામાં આવે અને આર્ટિફિશિયલ વોટરપ્રૂફ કમળ મૂકવામાં આવે છે. પાણીના સંપર્કમાં આવતાં જ આ કમળની અંદર લાઈટ પ્રજ્વલિત થઇ જાય છે. આવી જ રીતે અનેક દીવડાં છે, જે પાણીના મેજિકલ સેન્સરથી ચાલે છે. અલગ-અલગ ડિઝાઇનમાં મેટલનાં દીવડાં હાલ આકર્ષણનું કેન્દ્ર છે, જેમાં ટ્રેડિશનલ સ્વસ્તિક કાચબા અને હિન્દુ ધર્મને લગતાં તમામ ચિહ્ન પર આધારિત મેટલના દીવડાં બનાવવામાં આવ્યાં છે. આ સાથે ફેન્સી અને એલિગન્ટ લુક આપતા પણ દીવડાં છે, જે મીણબત્તી અને તેલ બંનેથી લોકો પ્રજ્વલિત કરી શકે છે. આ પ્રકારનાં દીવડાંની સૌથી મહત્ત્વની બાબત એ પણ છે કે એનાથી આગ લાગવાનો ભય રહેતો નથી. એલઇડી લાઇટથી આ દીવડાં પ્રજ્વલિત થાય છે, જેથી લોકો ઘરે આ દીવડાં પ્રજ્વલિત કરીને આરામથી બહાર ફરવા પણ જઈ શકે છે. કોઈ બાળક આ દીવડાંને સ્પર્શ કરે તો પણ દાઝી જવાનો ભય રહેતો નથી, સાથોસાથ આ દેખાવમાં પણ ખૂબ જ સુંદર છે.

### ભાત-ભાતની રંગોળી પુરવાની પ્રથા ભૂલાતી જાય છે

દીપાવલીના ચહેકતા, મહેકતા મહાપર્વમાં પોતાનું આંગણું લીંપી-ગૂંપી, સ્વચ્છ કરીને ભાત-ભાતની રંગોળી પૂરવાની પ્રથા આપણે ત્યાં પરાપૂર્વથી ચાલતી આવે છે. પરંતુ કમભાગ્યે આજના કહેવાતા ભ્રામક આધુનિકતાના અતિરેકમાં, માનવ સ્વ સમય અને નિજાનંદને ખોઈ બેઠો છે. પરિણામે આવા અનેરા આનંદ લેવાના લાભથી આજની ગૃહિણીઓ પણ વંચિત, વિમુખ થઈ ગઈ છે. અને બજારું ગમે તેવા સ્ટીકરો લગાડી, ગૃહની ગૃહલક્ષ્મીઓ રંગોળી પૂર્યાનો આત્મસંતોષ પામે છે ! મોટા ભાગે સ્ત્રીઓ જ રંગોળી કરે છે. રંગોળી કરવામાં મશગુલ માનુનીઓને જોવી એ પણ એક મહામૂલો લહાવો છે !!

### લોકલ ફોર વોકલને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યુ છે

દિવાળી ગુજરાતીઓનો સૌથી મોટો તહેવાર માનવામાં આવે છે. બજારમાં અત્યારથી લોકોએ ખરીદી શરૂ કરી દીધી છે. અમરેલીની બજારમાં ગ્રાહકોની ભીડ જોવા મળી રહી છે. છેલ્લા ઘણા સમયથી ઓનલાઇન શોપિંગનો લોકોમાં ભારે ક્રેઝ જોવા મળતો હતો. પરંતુ હવે લોકો લોકલ ફોર વોકલને પ્રાધાન્ય આપી રહ્યા છે. હવે લોકો ફરી બજારમાં ખરીદી કરવા માટે આવી રહ્યા છે. આજે લોકો ઓનલાઇન શોપિંગની જગ્યાએ બજારમાંથી ખરીદી કરવાનું પસંદ કરી રહ્યા છે. જેના કારણે બજારમાં ફરી વાર રોનક જોવા મળી રહી છે. અમરેલીની બજારમાં દિવાળીની ખરીદી માટે લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. જેના કારણે બજારો ફરી ધમધમતી થઈ છે.

### પોલીસની સુંદર કામગીરી

અમરેલી સહિત જિલ્લાના વિવિધ શહેરમાં ખરીદી માટે લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. જો કે બજારમાં કોઈ અવ્યવસ્થા ન સર્જાય તે માટે પોલીસ પણ ખડેપગે સેવા બજાવી રહી છે. બજારોમાં આડેધડ વાહન પાર્કિંગ કરનારાઓ સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. ભીડનો લાભ લઈ ચોરી જેવા બનાવો રોકવા માટે પોલીસ સતત સીસીટીવી કેમેરા પર નજર રાખી છે. આમ, દિવાળીના તહેવાર પર પોલીસની કામગીરી ઉડીને આંખે વળગી હતી.

**ટ્રાફિક સમસ્યા ન સર્જાય તે માટે પોલીસની સરાહનીય કામગીરી, બજારોમાં ધમધમાટ**

# કણકોટ-પુતળીયા રોડ પર જીવલેણ ખાડો: વાહનચાલકો માટે જોખમી

લીલીયા, તા.૨૮

લીલીયા તાલુકાના પુતળીયા (દાડમાં) ગામથી મોટા કણકોટ જતા સાડા ત્રણ કિલોમીટર લાંબા રોડ પર સ્થિતિ ચિંતાજનક બની છે. ચોમાસાના કારણે કોઝવે પાસે માટીનું ભારે ધોવાણ થયું છે, જેના કારણે અંદાજે ૫ ફૂટ ઊંડો ખાડો પડ્યો છે. આ માર્ગ પર રેતી ભરેલા ડમ્પર, લક્ઝરી બસો અને એસ.



તસવીર : બકુલ દવે

ટી. બસો સહિત મોટા વાહનોની અવરજવર રહે છે. સામસામે વાહનો આવે ત્યારે બાજુમાંથી પસાર થવાનું મુશ્કેલ બન્યું છે, જેના કારણે વાહનો ખાડામાં પડવાનું અને જાનહાનિનું જોખમ સર્જાયું છે. દેવળીયાનો રોડ રિપેરિંગ હેઠળ હોવાથી, કણકોટથી અમરેલી જવા માટે આ માર્ગનો જ ઉપયોગ કરવો પડે છે. રાહદારીઓએ જણાવ્યું હતું કે આ કોઝવેનું તાત્કાલિક રિપેરિંગ થવું જરૂરી છે, જેથી કોઈ મોટી દુર્ઘટના ટાળી શકાય. સ્થાનિક લોકોએ આ સમસ્યાના નિરાકરણ માટે તાત્કાલિક પગલાં લેવાની માંગણી કરી છે.

**ભારત સરકાર આયુષ મંત્રાલયના સહયોગથી**

# ચલાલા ગાયત્રી મંદિર ખાતે અશ્વગંધા વૃક્ષનું વિતરણ કરાયું

### બાળકોને વૃક્ષ વિશે માહિતગાર કરાયા

અમરેલી,તા.૨૮

ધારી તાલુકાના ચલાલા ગાયત્રી મંદિર ખાતે ભારત સરકાર આયુષ મંત્રાલય દ્વારા અશ્વગંધા નામના વૃક્ષનું વિતરણ તેમજ બાળકોને વૃક્ષની માહિતી આપવામાં આવી હતી. સાથે સાથે આ વનસ્પતિ શરીર માટે તેમજ દવાઓ માટે વિશેષ કામગીરી કરતી હોય છે ત્યારે અધિકારીઓ દ્વારા તમામ બાળકોને બે વૃક્ષ આપી અને જાગૃત કરવામાં આવ્યા હતા.



Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# અમરેલીમાં મુખ્યમંત્રીને આવકારતા જિલ્લાના સાંસદ અને ધારાસભ્યો



અમરેલી તા.૨૮

લાઠી-અમરેલી ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે અંદાજે રુ.૪,૮૦૦ કરોડથી વધુના ખર્ચે કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિભાગના ૧,૬૦૦ જેટલાં વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવે તે પૂર્વે આ કાર્યક્રમમાં સહભાગી થવા માટે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ દુધાળા-લાઠી આવી પહોંચતા હેલિપેડ ખાતે પુષ્પગુચ્છ અર્પણ કરી આવકારી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલને અમરેલી સાંસદ ભરતભાઈ સુતરીયા, રાજ્ય સરકારના પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, જિલ્લાના ધારાસભ્ય સર્વ જે.વી.કાકડીયા, જનકભાઈ તળાવીયા, હિરાભાઈ સોલંકી, મહેશભાઈ કસવાલા, જિલ્લા કલેક્ટર અજય દહિયા, ભાવનગર રેન્જ આઈ.જી. ગૌતમ પરમાર, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, જિલ્લા પોલીસ વડા હિમકર સિંઘ સહિતના પદાધિકારીઓ-અધિકારીઓએ પુષ્પગુચ્છ અર્પણ કરી આવકાર્યા હતા.

**હેલિપેડ ખાતે મુખ્યમંત્રી પટેલ, કેન્દ્રીય મંત્રી પાટીલનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું**

# વડીયાની યુવતીને ગોંડલમાં સસરાએ લાફો મારતા પોલીસ ફરિયાદ નોંધાઈ

**પરિણીતાએ વડીયા પોલીસમાં ફરિયાદ નોંધાવતા એએસઆઈ ગઢવીએ તપાસ શરૂ કરી**

વડીયા, તા.૨૮

વડીયાની યુવતીના લગ્ન ગોંડલ મુકામે થયા હતા. લગ્નના થોડા દિવસ બાદ જ સાસરિયાઓએ પોત પ્રકાશ્યુ હતું અને પરિણીતાને માર મારવામાં આવતા પરિણીતાએ પોતાના પિયર વડીયા ખાતે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. વડીયામાં રહેતી એક યુવતી લગ્ન બાદ ગોંડલ સ્થાયી થઈ હતી. પતિએ ઢીકાપાટુ તેમજ સસરાએ લાફો માર્યો હતો. બનાવ સંદર્ભે ખુશાલીબેન કલ્પેશભાઈ પંડ્યા (ઉ.વ.૨૨)એ ગોંડલમાં રહેતા પતિ ધ્રુવભાઈ અભયભાઈ યાજ્ઞીક, સસરા અભયભાઈ ઈશ્વરલાલ યાજ્ઞીક, મનીષાબેન અભયભાઈ યાજ્ઞીક તથા પલકબેન અભયભાઈ યાજ્ઞીક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, પતિ તેમને અવારનવાર ઢીકાપાટુનો મુંઢમાર મારતા હતા. જ્યારે સસરાએ લાફો માર્યો હતો, તેમજ અન્ય આરોપી અવારનવાર ગાળો બોલી મેણા-ટોણા મારતા હતા. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.એન. ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના ભેરાઈ ગામે આહીર સમાજ દ્વારા સન્માન સમારંભ યોજાશે



રાજુલા, તા.૨૮

રાજુલામાં આહીર સમાજ વાડી ખાતે શ્રી આહીર એજ્યુકેશન સમિતિ દ્વારા આમંત્રણ પત્રિકા વિતરણ માટે રવિવારે મિટિંગ યોજાઈ હતી. આ સમિતિ દ્વારા દર વર્ષે ભાઈ બીજના વળતા દિવસે એટલે કે કારતક સુદ ત્રીજના રોજ અલગ અલગ ગ્રામ્ય કક્ષાએ તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ વ્યક્તિ વિશેષ સન્માન સમારંભનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષનો કાર્યક્રમ રાજુલા તાલુકાના ભેરાઈ ગામે તા.૪-૧૧-૨૦૨૪ના રોજ યોજાશે. આ કાર્યક્રમની આમંત્રણ પત્રિકાનું ડોર ટુ ડોર વિતરણ કરવા માટે રાજુલા, ખાંભા અને સાવરકુંડલા તાલુકાના દરેક ગામના પ્રતિનિધિઓની એક મિટિંગ બોલાવવામાં આવી હતી, જેમાં દરેક ગામના પ્રતિનિધિઓને આમંત્રણ પત્રિકાને વહેંચવાની જવાબદારી સોંપાઈ હતી.


# બગસરા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં નિરાધાર વૃદ્ધોને રાશનકિટ વિતરણ



અમરેલી,તા.૨૮

અમરેલીના બગસરા, કુંકાવાવ, કોલડા, નાના માચિયાળા, દેવકી ગાલોલ ગામમાં રહેતા આર્થિક રીતે પછાત સમુદાયના વૃદ્ધ, અશક્ત, નિરાધાર અને ગંભીર રીતે બીમાર લોકો કે જે કામ નથી કરી શકતા તેવા ૨૫ અશક્ત પરિવારોને આ અવસ્થામાં કોઈની લાચારી ન ભોગવવી પડે તે માટે દર મહિને રાશન કીટ આપવામાં આવે છે. હાલ દિવાળી નજીક હોવાથી આ વૃદ્ધ માવતરના ઘરે દિવાળી થઈ શકે તે માટે મીઠાઈ, ઘી અને આખો માસ ચાલે તેટલું રાશન કીટનું વિતરણ વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થાના અમરેલી જિલ્લાના સંયોજક રમેશભાઈ મકવાણા દ્વારા મિત્તલબેન અને ડિમ્પલબેનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# ધારીના ખોડીયાર મંદિરના પરિસરમાં સિંહણની લટાર



અમરેલી, તા.૨૮

ધારી ખાતે આવેલ સુપ્રસિધ્ધ ગળધરા ખોડીયાર માતાજીના મંદિરના પરિસરમાં રાત્રીના સમયે એક સિંહણે લટાર મારી હતી. રાત્રીના મંદિરે દર્શન કરવા આવેલા યાત્રાળુઓએ આ ઘટનાને મોબાઈલમાં કેદ કરી હતી.

# સાવરકુંડલા તાલુકાના પેરા લીગલ વોલેન્ટીઅર્સ અમરેલીના એ.ડી.આર. સેન્ટરની મુલાકાતે

**એડવોકેટ દ્વારા પ્રવર્તમાન કાયદા અંગે સમજણ આપવામાં આવી**



સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલા તાલુકાના પેરા લીગલ વોલેન્ટીઅર્સે તેમની ટ્રેનિંગ પૂર્ણ થયા પછી અમરેલીના એ. ડી.આર. સેન્ટરની મુલાકાત લીધી હતી. ૨૬ ઓક્ટોબરે સાવરકુંડલા તાલુકાના પીએલવી ગ્રુપના સભ્યો બિપીનભાઈ પાંધી, સતીષભાઈ પાંડે, ગિરીશભાઈ નાંદોલિયા, રક્ષાબેન કાચા અને અનવરભાઈ રાઠોડે આ સેન્ટરની મુલાકાત લીધી હતી. અહીં સુવિધાસભર ઈમારતમાં કાનૂની સેવા પ્રદાન કરવામાં આવી રહી છે. અહીં એડવોકેટ ખીમસુરિયાએ ગ્રુપના સભ્યો સાથે પ્રવર્તમાન કાયદાઓની આછેરી સમજ આપી રસપ્રદ વાતો પણ કરી હતી.

ખાસ કરીને ડિજિટલ એરેસ્ટ જેવા આજના ફ્રોડથી લોકોને સાવધાન કરવાની માહિતી લોકો સુધી પહોંચે એવી વાતો, પોક્સો જેવા કાયદા અંગે પણ લોકો જાગૃત થાય તો આવા ઘણા ગંભીર અપરાધ ઘટી શકે. બાળલગ્ન, ચાઈલ્ડ વેલ્ફેર તેમજ ચાઈલ્ડ એડોપ્શન સંદર્ભે પણ ઘણી અજાણી વાતોથી આ પીએલવી ગ્રુપ વાકેફ થયું હતું.


સંકુલ દિવાળી વેકેશન ખૂલતાથી – ન્યુ બિલ્ડીંગમાં
સવારે ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ – બપોરે કુમાર શાળા
★ બાયપાસ ગેઈટ નં.–5 – સેપરેટ CBSE ન્યુ બિલ્ડીંગ – સેપરેટ કમ્પાઉન્ડ સેપરેટ Entry Exit ★ EM ધો. ૧ થી ૧૦ – કુમાર શાળા ધો. ૬ થી ૧૨
★ સ્પોટર્સ & અધર એક્ટીવીટી – સ્ટાફ સ્ટુડન્ટ્સ સેમીનાર – DG-RG-IG – લાયબ્રેરી – લેબોરેટરી – ઈ લર્નિંગ & ઓફીસ વ્યવસ્થા
★ ડેઈલી ટેસ્ટ – રીપીટેડલી – ત્રિ છ ન પરિક્ષા – વ્યાજબી ફી – નવા પ્રવેશ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢરોડ, અમરેલી -Ad 068

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેન્ડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
CHEMICAL INDUSTRIES SHED IN GUJARAT
ROOF TOUCH SHEETS
2015 CERTIFIED COMPANY GOVERNMENT DONE SITE

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રુમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

દિવાળી ધમાકા ઓફર ૮ વર્ષમાં પહેલીવાર
પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.499/-
કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299 /- માં એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧: અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨: સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665

ખુશખબર... ખુશખબર... ખુશખબર...
હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ
અવધ બેસન
વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ અવધ બેસન, તો રાહ શેની જુઓ છો...? આજે ઘરે લઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને મજા માણો
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
અવધ બેસન તેમજ અવધ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ – કિલો પૅકિંગમાં ઉપલબ્ધ
સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન
સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૮૨-૧. જી.આઈ.ડી.સી.અમરેલી
ફોનઃ ૨૪૦૧૧૧/૨૪૦૧૧, મો.૯૮૨૪૨ ૩૦૫૧૫

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# અમરેલીમાં ખોવાયેલ મોબાઈલ મૂળ માલિકને પરત કરી પ્રમાણિકતા દાખવી

**કમાન્ડ કંટ્રોલ નેત્રમ કેમેરામાં તપાસ કરવામાં આવી હતી**



અમરેલી,તા.૨૮

અમરેલી સીટી પોલીસ ઈન્સ્પેકટર કે.એલ. ખટાણાની રાહબરી હેઠળ હસનખાન ફિરોજખાન પઠાણ રહે. મોટા કસ્બાવાડ અમરેલી વાળાએ સીટી પોલીસ સ્ટેશન ખાતે તેમનો વિવો કંપનીનો વિવો વી-૧૫ મોબાઈલ ફોન શાકમાર્કેટ પાસે રોડ ઉપર કયાંક પડી ગયેલ હોય તે અંગે જાણ કરેલ હતી.

કમાંડ કંટ્રોલરૂમ નેત્રમની મદદથી તપાસ કરતા સદર મોબાઈલ એક ઈસમને મળેલ હોવાનું કમાન્ડ કંટ્રોલ નેત્રમના કેમેરામાં જોવા મળતા તેની તપાસ કરતા સદર ઈસમને શોધી તેણે સદર મોબાઈલ રસ્તામાંથી મળેલ હોવાનું જણાવતા તેઓ પાસેથી મોબાઈલ મેળવી મૂળ માલિકને બોલાવી મોબાઈલની ખરાઈ કરી મોબાઈલ ફોન મૂળ માલિકને સોંપી આપી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

# ઘરેથી નીકળેલી યુવતીનું પરિવારજનો સાથે મિલન કરાવતી અમરેલી અભયમ ટીમ



અમરેલી,તા.૨૮

અમરેલી એસ.ટી. બસસ્ટેન્ડ પરથી એક જાગૃત નાગરિકે ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર ફૉન કરી જણાવેલું કે એક યુવતી બસસ્ટેન્ડમાં લાંબા સમયથી એકલી બેઠી છે. જેના પગલે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમ ઘટના સ્થળ પર પહોંચી હતી જ્યાં હાજર રહેલ જાગૃત નાગરિકે યુવતીને સુરક્ષિત જગ્યાએ બેસાડી રાખેલ હતી. ત્યારબાદ ૧૮૧ ટીમ દ્વારા યુવતીનું કાઉન્સેલીંગ કરતા યુવતીએ જણાવેલું કે તે મધ્યપ્રદેશથી આવી છે અને તેની ઉમર ૧૮ વર્ષ છે અને તે તેના પતિ સાથે અહીં રહે છે અને સવારે ચાર વાગે બધા સુતા હતા ત્યારે કોઈને જાણ કર્યા વિના નીકળી ગયેલ છે અને તેઓ સવારથી તેની શોધખોળ કરી રહ્યાં છે. ત્યારબાદ યુવતીના ભાઈ અને પતિએ જણાવેલું કે તેઓ બાજુના ગામમાં જ રહે છે તેથી તે યુવતીને લેવા માટે આવે છે તેથી તેઓ ન આવે ત્યાં સુધી યુવતીને અહીં રાખવા જણાવેલું ત્યારબાદ યુવતીનો પતિ અને ભાઈ યુવતીને લેવા આવેલા ત્યારે સમગ્ર ઘટના અંગે યુવતીનાં પતિને યુવતી સાથે ઝગડો ન કરવા અંગે સમજાવ્યા અને યુવતીને સુરક્ષિત તેમના પરિવારને સોંપવામાં આવી હતી.

# સા.કુંડલામાં આકાશી મેલડી મંદિરે કાળી ચૌદશ નિમિત્તે નવરંગો માંડવો, નવચંડી યજ્ઞ યોજાશે

સાવરકુંડલા, તા.૨૮

સાવરકુંડલા બાયપાસ ખાતે આવેલ સુપ્રસિદ્ધ આકાશી મેલડી માતાજીના મંદિરે ૩૧/૧૦/૨૦૨૪ ગુરૂવારે કાળી ચૌદશ નિમિત્તે આકાશી મેલડી માતાજીનો ૨૪ કલાકનો નવરંગો માંડવો અને નવચંડી યજ્ઞ યોજાશે. આ પ્રસંગે પૂજન, અર્ચન, યજ્ઞ પ્રારંભ, આહૂતિ, મહાઆરતી, થાંભલી રોપણ, ડાક ડમરૂ, મહાપ્રસાદ વગેરે ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવશે. આકાશી મેલડી માતાજીના ૨૪ કલાકના નવરંગો માંડવો ડાક ડમરૂમાં દિવસે કલાકાર તરીકે અશ્વિનભાઈ રાવળ, નાગજીભાઈ રાવળ, શૈલેષભાઈ રાવળ નીંગાળાવાળા તેમજ રાત્રીના નિલેશભાઈ રાવળ સોગઠ, સંજયભાઈ રાવળ બુધેલ અને ભવદીપભાઈ રાવળ આંબલા ઉપસ્થિત રહેશે.

# ચારોડીયા ગામે અધિકારીઓ-પદાધિકારીઓની હાજરીમાં સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો



અમરેલી,તા.૨૮

રાજુલાના ચારોડીયામાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મામલતદાર ભગીરથભાઈ ચૌહાણ, તાલુકા વિકાસ અધિકારી ભરતભાઈ કલસરીયા, રાજુલા- ખાંભા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ રમેશભાઈ ડોબરીયા, સરપંચ એસોસિએશન પ્રમુખ મનુભાઈ ધાખડા, આગરીયાના સરપંચ પ્રકાશભાઈ ખુમાણ, વડલીના સરપંચ મગનભાઈ હરિયા, કુંભારિયાના સરપંચ ભરતભાઈ દીપડીયા અને પ્રેમજીભાઈની ઉપસ્થિતિમાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. સેવા સેતુ કાર્યક્રમમાં બીપીએલ યાદીમાં ૦ થી ૨૦ સ્કોરમાં સમાવેશ થતા ૬૦ વર્ષની ઉંમરના લાભાર્થીઓને તલાટી કમ મંત્રી દ્વારા ઘરે જઈને વૃદ્ધ સહાય તથા વિધવા સહાયના ફોર્મ ભરી લાભ અપાયા હતા. અહીં ૧૦૭ લાભાર્થીઓને હુકમ વિતરણ કરવામાં આવ્યા હતા. ૧૩૮૫ અરજીનો સ્થળ નિકાલ કરવામાં આવ્યો હતો.

# 'તું અહીં ગાળો કેમ બોલતો હતો' કહી યુવકને સેન્ટિંગના લાકડાના બટકા વડે ફટકાર્યો

**લાઠી શહેરમાં કેરીયા રોડ પર બનાવ બન્યો**

લાઠી, તા.૨૮

લાઠી શહેરમાં રહેતા અને શાકભાજીનો વેપાર કરતાં યુવકને તું અહીં કેમ ગાળો બોલતો હતો તેમ કહી સેન્ટિંગના લાકડાના બટકા વડે ફટકાર્યો હતો. બનાવ સંદર્ભે અલ્તાફભાઈ ઉસ્માનભાઈ ગાગદાણી (ઉ.વ.૩૨) એ મનિષભાઈ રામભાઈ આહીર તથા રામભાઈ આહીર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ ઘરે જમવા જતા ત્યારે આરોપીઓનું નવું મકાન બનતું હોવાથી ત્યાં બન્ને આરોપીઓ ઉભા હતા. બન્ને આરોપીઓએ તેમને ઉભા રાખીને તું કેમ અહી ગાળો બોલતો હતો તેવુ કહી સેન્ટિંગના લાકડાના બટકા વડે ફટકાર્યો હતો. ઉપરાંત શરીરે મુંઢ ઈજા કરી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.પી. ડેર વધુ તપાસ કરી રહ્યા છે.

# મહિલા ઉત્થાન મંડળ અમરેલી દ્વારા તુલસીના રોપા વિતરણનો કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા.૨૮

આયુર્વેદમાં અને ભારતીય સંસ્કૃતિમાં તુલસી અને ગાયને માતાનું સ્થાન આપવામાં આવ્યું છે. ઔષધિય ક્ષેત્રે તુલસીની મહત્તા અને શ્રેષ્ઠતા અદ્વિતીય છે. જન સામાન્ય સુધી તુલસી અને તેના ઔષધિય ઉપયોગોની માહિતી પહોચી શકે એવા ઉદ્દેશથી મહિલા ઉત્થાન મંડળ - અમરેલી દ્વારા રાજકમલ ચોકમાં વૃંદા અભિયાન અંતર્ગત 'હર ઘર તુલસી ઘર ઘર તુલસી ' ના ઉદ્દેશ્ય સાથે તુલસીના રોપાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું. તુલસીના રોપા સાથે દરેકને તુલસીના ઔષધિય ગુણો અને ઉપયોગો વિષેની માહિતી પત્રિકા પણ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

# લેન્ડ ગ્રેબીંગની અરજીના મનદુઃખમાં ખોટી રીતે હેરાન કરવામાં આવતાં પુરુષે ઝેરી દવા પીધી

જાફરાબાદ, તા.૨૮

ખાંભાના મોટા બારમણ ગામે રહેતા દેવશીભાઈ કાનાભાઈ વાઢેર (ઉ.વ.૫૮)એ જાહેર કર્યા મુજબ, તેઓ વર્ષ ૨૦૧૮માં મોટા બારમણ ખાતે સરપંચ તરીકે ફરજ બજાવતા હતા. જેથી બારમણ ગામે સંબંધીત અધિકારીએ ગૌચર દબાણ દૂર કરવા હુકમ કર્યો હતો. જેથી જાહેર કરનાર મનુભાઈ કરશનભાઈ પરમાર, મુકેશ કરશન પરમાર, વાલા માંડણ પરમાર વગેરેને દુર કર્યા ન હોવાથી જાહેર કરનારે તેમની વિરૂધ્ધ લેન્ડ ગેબ્રીંગ અરજી કરી હતી. જે વાતનું મનદુઃખ રાખી મનુભાઈ કરશનભાઈ પરમાર, મુકેશ કરશન પરમાર, વાલા માંડણ પરમાર, પ્રકાશ મનુભાઈ પરમાર (સાગર મનુભાઈ પરમાર), પ્રભાબેન મનુભાઈ પરમાર, નાવનાબેન મનુભાઈ પરમાર, ચીથર કાના પરમાર, જીતુ ચીથર પરમાર, કોશીક જીતુભાઈ પરમાર, શાન્તુબેન ચીથર પરમાર, કેશુભાઈ ચીથર પરમાર, પાંચીબેન પરમારે તેમની વિરૂદ્ધ ખોટી ફરિયાદો કરી તેમને તથા તેના પરિવારને માનસિક ત્રાસ આપી ખોટી રીતે હેરાન કરતા હતા. જેથી તેમણે જાફરાબાદ જી.એચ. એલ.ના ખારા પાસે ઝેરી દવા પી લીધી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ ભોળાભાઈ મોહનભાઈ વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીના ગોવિંદપુર ગામે વાડીના શેઢે કૂચો કેમ નાખો છો કહી ખપાળી મારી

ધારી, તા.૨૮

ધારીના ગોવિંદપુર ગામે વાડીના શેઢે કૂચો નાખવા મુદ્દે માથાકૂટ થઈ હતી. બનાવ અંગે દ્વારકાદાસ મધુભાઈ રૂપાવટીયા (ઉ.વ.૫૦)એ ખોડીદાસભાઈ છગનભાઈ રૂપાવટીયા, છગનભાઈ રૂપાવટીયા, બે મહિલા સહિત કુલ ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીઓ તેમની પાસે આવી, વાડીના શેઢે કુચો કેમ નાખો છો? તે અમારી માલિકીનો છે તેમ કહી ગાળો આપવા લાગ્યા હતા. તેમણે ગાળો આપવાની ના પાડતા આરોપીઓ એકદમ ઉશ્કેરાઈને તેમના પિતાને બાજુમાં પડેલી ખપાળીના હાથા વડે પીઠના ભાગે તથા માથામાં મારી મુંઢ ઈજા કરી પછાડી દીધા હતા. તેઓ તેમના પિતાને છોડાવવા જતા તેમને પણ કપાળના ભાગે એક ઘા મારી ઈજા કરી હતી. તેમજ અન્ય આરોપીએ ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.બી. ખાચર વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિઃ બારસ
તા. ૨૯-૧૦-૨૦૨૪, મંગળવાર, સૂર્યોદય-૦૬:૩૧, સૂર્યાસ્ત-૦૫:૩૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ ઉત્તર ફાલ્ગુની

## દૈનિક રાશિફળ

તા. ૨૯-૧૦-૨૦૨૪ મંગળવાર

મેષઃ તમારી રચનાત્મક વિચારસરણીને પૂર્ણ કરવા માટે તમે દિવસભર સખત મહેનત અને ભાગદોડમાં રોકાયેલા રહેશો.

વૃષભઃ આજે સમૃદ્ધિનો દિવસ રહેશે, પરંતુ તમે સખત મહેનત કરવાના પક્ષમાં નહીં રહો, આવકના સ્ત્રોતમાં વધારો થશે.

મિથુનઃ આજે પણ સંજોગો તમારા માટે અનુકૂળ બન્યા છે, પરંતુ બેદરકારીને લીધે તમે કોઈપણ કાર્ય યોગ્ય સમયે પૂર્ણ કરી શકશો નહીં.

કર્કઃ આજનો દિવસ સારો રહેશે, પરંતુ તમે ઉતાવળમાં ભૂલ કરી શકો છો. જો તમે તમારી આવડત કરતા મોટું કામ કરો છો તો તમે મુશ્કેલીમાં ફસાઈ શકો છો.

સિંહઃ આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. દિવસની શરૂઆતમાં વિવાદ થઈ શકે છે, તેથી વર્તનમાં સંયમ રાખો અને ધીરજથી મામલો સંભાળો.

કન્યાઃ આજનો દિવસ લાભકારક રહેશે. કાર્યસ્થળ પર કોઈ કાર્ય સમયસર કરવામાં આવશે નહીં, છતાં નાણાકીય લાભ ક્યાંકથી અચાનક બનશે.

તુલાઃ આજે તમે શાંતિથી દિવસ વિતાવવાનું વિચારી રહ્યા છો, પરંતુ પરિવારના સભ્યો તમારી ઇચ્છાઓને પૂર્ણ કરવામાં અવરોધરૂપ બનશે.

વૃશ્ચિકઃ નોકરી કરતા લોકો અધિકારીઓના વિપરીત વર્તનથી પરેશાન થઈ શકે છે. વ્યાવસાયિક ભાગીદારો સાથે તણાવ પેદા થઈ શકે છે.

ધનઃ આજનો દિવસ મિશ્રિત ફળદાયી છે. જોબસીકર્સ અને ધંધાકીય લોકોએ કોઈપણ ભૂલની ભરપાઇ કરવા માટે તેમની દિનચર્યામાં ફેરફાર કરવો પડશે.

મકરઃ આજે તમારું ધ્યાન કામ કરતા મનોરંજન તરફ વધુ આકર્ષિત થશે, જેના કારણે અનેક કાર્યો અધૂરા રહી શકે છે અથવા મોડા પૂરા થશે.

કુંભઃ આર્થિક સ્થિતિ ધીરે ધીરે સારી થઈ જશે. પાડોશીઓની નાની નાની બાબતોને અવગણો, નહીં તો વિવાદ વધુ થઈ શકે છે.

મીનઃ આજનો દિવસ તમારા માટે વિશેષ શુભ દિવસ છે. ઘરના વરિષ્ઠ લોકો તમારી વાત સાંભળશે અને સહકાર માટે આગળ આવશે.

# મોટા સમઢીયાળા ગામે કપાસમાં ચરતી ગાયોને હાંકવા મુદ્દે યુવકને જાનથી મારવાની ધમકી

**યુવકને ગાળો આપી લાકડીથી ફટકારી ભરોળા પાડી દીધા**

ખાંભા, તા.૨૮

ખાંભાના મોટા સમઢીયાળા ગામે એક યુવકે તેણે ફાર્મે રાખેલા ખેતરમાં ગાયો ચરતી હતી તેને હાંકીને ગામના સીમાડા વટાવી આવ્યો હતો. જેનો ખાર રાખી તેને ફટકારીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી.

બનાવ સંદર્ભે મોટા સમઢીયાળા ગામે રહેતા અને વાણંદકામ તથા ખેતી કરતાં રૂચિતકુમાર અશોકભાઈ કાલાવાડીયા (ઉ.વ.૩૩) એ તેમના ગામના રાજુભાઈ વાલાભાઈ ખાટરીયા તથા હિતેશભાઈ ભીમાભાઈ ખાટરીયા તેમજ સાવરકુંડલામાં રહેતા રવિભાઈ ભરવાડ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, રાજુભાઈ ખાટરીયાની ગાયો તેમણે ફાર્મે રાખેલી વાડી-ખેતરના કપાસમાં ચરતી હતી. તેમણે આ ગાયોને રેઢિયાળ માની તેને હાંકી કાઢી ગામના સીમાડા વટાવી માનવ મંદિર સુધી મૂકી આવ્યા હતા. જે અંગેની ત્રણેય આરોપીને જાણ થતાં સારું નહોતું લાગ્યું અને તેમની પાસે રહેલી લાકડી આંચકી શરીરે આડેધડ માર માર્યો હતો.

જેના કારણે શરીર પર ભરોળા પડી ગયા હતા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. પી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયાના ગુંદરણ ગામે બીમારીથી કંટાળી એસિડ પીધું

લીલીયા, તા.૨૮

લીલીયાના ગુંદરણમાં બીમારીથી કંટાળી એસિડ પીધું હોવાની ઘટના બની હતી. બનાવ સંદર્ભે રેખાબેન જગદીશભાઈ ચૌહાણ (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, ભોગ બનનારને છેલ્લા ૧૫ વર્ષથી ડાયાબિટીસની બીમારી હતી અને ચાર મહિના પહેલા પગનું ઓપરેશન કરાવ્યું હતું. જેની પીડા સહન ન થતા અને બીમારીથી કંટાળી એસિડની બોટલમાંથી થોડું એસિડ પી લીધું હતું.

અરોમા પ્રિમીયમ બોડી સ્પા
દિવાળી ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
દિવાળી ધમાકા ઓફર
લેડીઝ માટે Rs.499/-
કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299 /- માં એક સાથે એક ફ્રી
એપોઈન્ટમેન્ટ માટે
M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે,
કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧

ડ્રીમ ફેમિલી સ્પા – દિવાળી ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1499/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.599/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

**તંત્રી લેખ**


# તહેવારોના પ્રારંભે અમરેલી પંથકની ધરા ધ્રુજી

અમરેલી જિલ્લાનો વિસ્તાર ખંભાતના અખાતના કિનારે છે. ખંભાતના અખાતની નીચે એક ફોલ્ટ લાઈન હોવાનું વૈજ્ઞાનિકો કહે છે. તેમાં નજીવા ફેરફારોને કારણે ઘણી વાર ધરતી ધ્રૂજે છે. તહેવારોના પ્રારંભે જ સૌરાષ્ટ્રના અમરેલી સહિતના વિસ્તારોમાં ભૂકંપનો આંચકો અનુભવાયો અને લોકો ભયભીત બની ગયા. દિવાળીના તહેવારમાં ધરતીકંપનું આગમન લોકોને પરેશાન કરી રહ્યું છે. લોકોને દહેશત છે કે ૨૦૦૧ ના ધરતીકંપની પેટર્નનું આ પુનરાવર્તન તો નહીં થાય ને? આ સમયે ભાવનગર વિસ્તારમાં અઢીસો કરતા વધુ ધરતીકંપની ધ્રુજારી નોંધાઈ હતી અને ભયનો માહોલ ફેલાયો હતો પરંતુ ભયંકર ધરતીકંપ ભાવનગર વિસ્તારને બદલે કચ્છમાં થયો અને બેસુમાર તારાજી થઈ આ વસ્તુની યાદ આવતા અમરેલી પંથકના લોકો ભયભીત છે. અમરેલી જિલ્લામાં સાંજના સમયે ૫.૧૬ કલાકે અચાનક ૩.૭ની તીવ્રતાનો આંચકો આવતાં મકાનો ધ્રુજવા લાગ્યા હતા, વાસણો નીચે પડવા લાગ્યા હતા. સૌ કોઈને ૨૦૦૧ના ભૂકંપની સ્મૃતિ તાજી થતાં ડરના માર્યા ઘરની બહાર નીકળી ગયા હતા. બગસરામાં એક મકાનમાં તીરાડ પડી ગયાની ઘટના સામે આવી છે. લીલીયા પંથકમાં બે વાર આંચકા અનુભવાયાનું લોકો કહી રહ્યા છે. ભૂકંપ વખતે રત્નકલાકારો ચાલુ કામ પડતું મૂકીને જીવ બચાવવા બહાર નીકળી ગયા હતા. આ ભૂકંપ અંગે વૈજ્ઞાનિકો શું કહે છે એ આજના તબક્કે જાણવા જેવું છે. ધરતીકંપ (ભૂકંપ અથવા આંચકા તરીકે પણ ઓળખાય છે) એ પૃથ્વી (Earth)નાં પડો (crus)માં અચાનક ઊર્જા મુક્ત થવાથી સર્જાતાં ધ્રુજારીનાં કંપનો (seismic wave)નું પરિણામ છે. સીસ્મોમીટર (seismometer) કે સીસ્મોગ્રાફ નામે ઓળખાતા ભૂકંપમાપક યંત્ર દ્વારા ધરતીકંપ માપવામાં આવે છે. સામાન્ય રીતે ધરતીકંપની જે-તે ક્ષણની તીવ્રતા (moment magnitude) નોંધવામાં આવે છે અથવા તો વધુ પ્રચલિત એવા રિકટર સ્કેલ (Richter)માં તેને માપવામાં આવે છે. ૩ અથવા તેનાથી ઓછી તીવ્રતાવાળા ધરતીકંપ મોટા ભાગે અતિસૂક્ષ્મ હોવાથી નોંધાતા નથી જયારે ૭ની તીવ્રતા ધરાવતા ધરતીકંપ ઘણા મોટા વિસ્તારમાં ગંભીર નુકસાન પહોંચાડે છે. ધ્રુજારીની તીવ્રતા સુધારેલા મેરકલ્લી સ્કેલ (Mercalli scale) પર માપવામાં આવે છે. ધ્રુજારી, આંચકા દ્વારા અને કોઈક વખત જમીન ખસેડીને ભૂકંપ ધરતીની સપાટી પર બહાર આવે છે. જયારે ભૂકંપ બિંદુ (એપિસેન્ટર) (epicenter) દરિયામાં કયાંક બહુ દૂર હોય ત્યારે ઘણી વખત સમુદ્ર તળ એટલું ખસે છે કે તેનાથી ત્સુનામી (tsunami) પેદા થાય છે. ભૂકંપથી ભૂસ્ખલન થઈ શકે છે અને કયારેક જવાળામુખી પણ જાગૃત થઈ શકે છે. એકદમ સામાન્ય ભાષામાં કહીએ તો, જેનાથી ભૂ-કંપનો (seismic wave) ઊભા થાય એવા ધરતીના પેટાળમાં થતા કોઈપણ પ્રકારના હલનચલનને દર્શાવવા માટે ધરતીકંપ શબ્દ વાપરવામાં આવે છે. પછી ભલે તે કુદરતી ઘટના (phenomenon) હોય કે પછી માનવસર્જિત ઘટનાના કારણે સર્જાયાં હોય. મોટા ભાગે ભૂસ્તરોમાં ભંગાણ (faults) થવાથી ભૂકંપ પેદા થતા હોય છે પરંતુ જવાળામુખીના કારણે, ભૂસ્ખલનના કારણે, ખાણમાં બારુદ વિસ્ફોટો અને અણુકેન્દ્ર સંબંધી પ્રયોગોના કારણે પણ ભૂકંપ આવી શકે છે. ભૂકંપ જયાંથી પેદા થયો તે ભંગાણના બિંદુને તેનું કેન્દ્રબિંદુ (focus) કે (હાયપોસેન્ટર) (hypocenter) કહેવામાં આવે છે. બરાબર એની ઉપર જયાં આ ધ્રુજારી જમીનના સ્તરને અડે છે તેને ભૂકંપ બિંદુ (એપિસેન્ટર) (epicenter) કહેવામાં આવે છે.

# ધનતેરસના દિવસે શ્રી યંત્રની પૂજા કરીને શ્રી સૂક્તનો પાઠ કરવાથી જીવન સરળ રીતે સમૃદ્ધ બને


**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

દિવાળીના મહાપર્વના પ્રથમ દિવસે એટલે કે ધનતેરસને દિવસે લક્ષ્મીજીનું પૂજન ખરા દિલથી કરવામાં આવે તો લક્ષ્મીજીની પ્રસન્નતા જીવનમાં ઉતરે છે. લક્ષ્મી માતાનું પૂજન શ્રી યંત્ર દ્વારા કરવામાં આવે છે. પૂજન સમયે માતાજીને યથાર્થ શક્તિ થાળ ધરાવીને શ્રી સૂક્તના ૧૧, ૨૧ તથા ૫૧ વખત પાઠ કરવાથી સવિશેષ લાભ થાય છે. શ્રી યંત્ર ન હોય તો માતાજીના ફોટાનું પણ પૂજન થઈ શકે છે. શ્રી યંત્ર નાની સાઈઝનું પણ આવે છે. મોટાભાગના શ્રી યંત્ર ત્રાંબા અથવા પિત્તળના બનેલ હોય છે. ગળામાં પહેરવાના માદળીયામાં પણ શ્રી યંત્ર આવે છે. લક્ષ્મીની પ્રાપ્તિ માટે ત્રાબાનું શ્રી યંત્ર શ્રેષ્ઠ ગણવામાં આવે છે. ધનતેરસની સવારે સારૂં ચોઘડિયું જોઈને ઘરમાં રાખેલાં મંદિરમાં તેની સ્થાપના કરો. પૂજા-પાઠ કરીને શ્રી યંત્રની પ્રતિષ્ઠા કરો અને નિયમિત પૂજા કરો. આનાથી તમારા નિવાસસ્થાને હેલ્થ, વેલ્થ અને હેપીનેસ ત્રણેયનો વધારો થશે. આ ત્રણેય વસ્તુ જીવનમાં સુખી થવા માટે પૂરતી છે આનાથી પણ વધુ ઊંચી વાત એ છે કે સદભાવના દિલમાં જાગે તે છે. શ્રી યંત્રની સ્થાપના કરીને તેને નિયમિત રીતે પૂજન કરવાથી સમૃદ્ધિ અને તેના દ્વારા પ્રાપ્ત થતા સન્માનમાં વધારો થશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. શ્રી યંત્ર કાચનું પણ આવે છે પરંતુ તે ચાઇનાની બનાવટનું ન હોવું જોઈએ. શ્રી યંત્ર સ્ફટિકનું જ કેમ? એ એટલા માટે કે ખર્ચમાં પરવડે અને તરત ફળ આપે. પિતળ કે ધાતુનું શ્રી યંત્ર પણ સ્થાપિત કરી શકાય. સોના કે ચાંદીનું શ્રી યંત્ર સ્થાપી શકાય પણ ખર્ચ વધારે થાય. ધનતેરસે શ્રી યંત્રની શું મહત્તા છે, તેની પૂજાથી શું ફળ મળે છે, તે તમામ બાબતો વિષ્ણુ પુરાણમાં, નારદપુરાણમાં તથા અન્ય ગ્રંથોમાં વિસ્તારથી આપેલી છે. ધનતેરસે કેવા શ્રી યંત્રની સ્થાપના અને પૂજા કરવી જોઈએ? શ્રી યંત્ર આમ તો અનેક પ્રકારના આવે છે. ગોલ્ડ પ્લેટેડ ચપટાં અને વચ્ચેથી સહેજ ઉપસેલા યંત્ર પણ આવે છે. જો કે સ્થાપના અને પૂજા કરવા માટે પારદ અથવા સ્ફટિકના મેરુ સ્વરૂપ શ્રી યંત્રની સ્થાપના કરીને પૂજન કરવું શ્રેષ્ઠ છે. પારદનું શ્રી યંત્ર મેળવવું કઠીન છે પણ સ્ફટીકનું શ્રી યંત્ર પૂજા માટે શ્રેષ્ઠ મનાય છે. સ્ફટીકમાં જ છુપી શક્તિ હોય છે એટલે સ્ફટીકના શ્રી યંત્રની પૂજા કરવાથી શ્રી યંત્રની શક્તિ બેવડાય છે. શ્રી યંત્રની પૂજા કરવાના વિધિ-વિધાન પણ ગહન છે. સોનુ અને લક્ષ્મીજી બંને એકબીજાના સ્વરૂપ છે, એકબીજાના પૂરક છે આથી જ લક્ષ્મીજીને હિરણ્યમય માતા કહેવામાં આવે છે. સોનુ સર્વને પસંદ છે જેમ ડાયમંડ માટે કહેવાય છે કે ડાયમંડ ફોરએવર તો આ વસ્તુ સોનાને પણ લાગુ પડે છે. કોઈપણ નારી હોય તો તેનું સપનું સોનાના અલંકારનું જ હોય છે. પરંતુ આ દિવાળીએ સોનાના ભાવ એટલા ઉચ્ચ સ્તરે પહોંચ્યા છે કે મોટા ભાગની નારીનું આ સપનું માત્ર સપનું બનીને રહી જાય તેવી શક્યતા ઊભી થઈ છે. દર વર્ષે ધનતેરસને દિવસે સોની બજારમાં ભીડ જામે છે. કોઈપણ શહેર હોય રાજકોટ હોય, ભાવનગર હોય કે અમદાવાદ હોય કે પછી અમરેલી હોય સોનીની દુકાને ભીડ દિવાળી પહેલા ધનતેરસને દિવસે ને પુષ્ય નક્ષત્રમાં જામે છે, લગ્નગાળામાં જામે છે પરંતુ આ વખતે સોનાના ભાવ આસમાનને આંબતા હોવાથી સોનું ખરીદવાની મધ્યમ વર્ગની હિંમત



રહી નથી. અમુક એવા લોકો છે કે આ મોકાના ફાયદો લઈને સોનાને રૂપિયામાં કન્વર્ટ કરે છે પરંતુ કોઈ પણ સ્ત્રી હોય તે આનો વિરોધ કરે છે કારણ કે સોનુ એને જીવ કરતાં વહાલુ હોય છે. ધનતેરસનું પણ આગવું મહત્વ છે. ધનતેરસ પર સોનું અને ચાંદી ખરીદવું ખૂબ જ શુભ માનવામાં આવે છે. ત્યારે ધનતેરસથી આ વર્ષ સુધી સોનાએ (Gold Price Today) જોરદાર છલાંગ લગાવી છે અને રોકાણકારોને માલામાલ કર્યા છે. સોનાએ રોકાણકારોને લગભગ ૩૦ ટકા વળતર આપ્યું છે. આ વર્ષે પણ સોનામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. સોનાએ પણ વર્ષ ૨૦૨૪માં ઈક્વિટીને પાછળ છોડી દીધી છે. ગયા વર્ષે ધનતેરસ પર સોનું ૬૦,૭૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતું ગયા વર્ષે ધનતેરસ ૧૦ નવેમ્બરે હતી. તે દિવસે સોનાનો ભાવ ૬૦,૭૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતો. આ વર્ષે સોનાનો ભાવ ૮૦ હજારની આસપાસ છે. બીજી તરફ સેન્સેક્સ પર નજર કરીએ તો છેલ્લા ૬ મહિનામાં તેમાં માત્ર ૮ ટકાનો વધારો થયો છે. ગયા વર્ષે વૈશ્વિક તણાવ, ફુગાવો અને આર્થિક મંદી છતાં સોનામાં સતત વધારો થયો હતો. સોનું હંમેશા રોકાણકારો માટે સૌથી સુરક્ષિત પસંદગી રહ્યું છે. વિશ્વભરની સેન્ટ્રલ બેંકોએ પણ ગયા વર્ષથી સોનાની ખરીદીમાં સતત વધારો કર્યો છે. લગ્નસરાની સિઝનને કારણે માંગમાં વધુ વધારો થશે એવું માનવું ભૂલ ભરેલું છે. કારણકે સોનાના ઘરેણા હવે મધ્યમ વર્ગની પહોંચની બહાર મોંઘા થઈ ગયા છે. ઘણા લોકો ઈમીટેશન જ્વેલરી અને બગસરાના અલંકારો ખરીદી રહ્યા છે. ગુજરાતમાં આ પ્રકારનો ટ્રેન્ડ જોવા મળે છે લગનગાળાની સિઝનમાં પણ આ જ વસ્તુ ચાલુ રહે તેવી શક્યતાઓ રહેલી છે. દિવાળીના તહેવારોમાં ધનતેરસને દિવસે લોકો સોના અને ચાંદીની ખરીદી કરે છે પરંતુ આ વખતે આ ડિમાન્ડ માત્ર અમીર લોકો માટે જ રહે તેવી શક્યતા છે કારણ કે સોનાના ભાવ અત્યંત ઉચ્ચસ્તરે પહોંચી ચૂક્યા છે આથી હવે એવો સમય આવશે કે સોનુ ખરીદવું એક શમણા જેવું લાગશે પરંતુ જેની પાસે સોનાનો સ્ટોક છે તેઓ માલામાલ બની ગયા એવું માની શકાય. આ વર્ષે ધનતેરસના કારણે સોનાની માંગ ઝડપથી વધી રહી છે. આ પછી, આગામી લગ્નની સિઝનને કારણે આ માંગ વધુ વધશે. આ દિવસોમાં બજારમાં ચાલી રહેલી ઉથલપાથલને કારણે રોકાણકારોનો સોના તરફનો ભાર વધુ વધ્યો છે. નિષ્ણાતોના મતે રોકાણકારો માટે સોનામાં રોકાણ કરવાનો હજુ યોગ્ય સમય છે. ભવિષ્યમાં પણ સોનાની ખરીદી વધશે તેવા સંપૂર્ણ સંકેતો વિશ્વમાંથી મળી રહ્યા છે. હજુ તેની કિંમત ધીમી પડે તેવા કોઈ સંકેત નથી. રોકાણકારો ગોલ્ડ ETFમાં પણ રોકાણ કરી શકે છે. રોકાણકારો તેમના પોર્ટફોલિયોના લગભગ ૧૦ ટકા સોનાના રૂપમાં રાખી શકે છે. ધનતેરસથી દીપોત્સવ પર્વનો પ્રારંભ થઈ રહ્યો છે. ખુશીનું મુખ્ય પર્વ દિવાળી શ્રદ્ધા અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવશે. દિવાળી પહેલા ધનતેરસ પર એક શુભ મુહૂર્તમાં કુબેરની સાથે મહાલક્ષ્મીની આરાધના કરી અને સુખ, સમૃદ્ધિ અને સંપત્તિથી ભંડાર ભરવા માટે પ્રાર્થના કરો. પૂજા-પાઠ સિવાય ધનતેરસ પર શુભ વસ્તુઓ ખરીદવાની પરંપરા છે. વેપારી સંસ્થાઓના હિસાબના ચોપડા પણ તે જ દિવસે બદલવામાં આવશે. ખાસ કરીને આ દિવસે વાસણો અને સોના-ચાંદીના દાગીના ખરીદવાની પરંપરા છે. ધાર્મિક માન્યતા છે કે આ દિવસે ઘરમાં કોઈ નવી વસ્તુ લાવવામાં આવે તો દેવી લક્ષ્મીજીનો વાસ થાય છે. જો કોઈ કારણોસર તમે સોનું કે ચાંદી ખરીદી શકતા નથી, તો સ્ટીલના વાસણો પણ ખરીદી શકાય છે. ધનતેરસ પર ન ખરીદો આ વસ્તુઓ - ધનતેરસ પર એલ્યુમિનિયમ ખરીદવું તમને મુશ્કેલીમાં મૂકી શકે છે. જ્યોતિષશાસ્ત્રમાં એલ્યુમિનિયમને દુર્ભાગ્યનું પ્રતિક માનવામાં આવે છે. કારણ કે તેના પર રાહુનો પ્રભાવ હોય છે. તેવી જ રીતે લોખંડનો સંબંધ શનિદેવ સાથે છે. દિવાળીના સમયમાં લોખંડની કોઈ પણ વસ્તુ ખરીદવી વ્યાજબી નથી. કોઈ સાધનો ખરીદવા હોય કારીગરીને લગતા ઓજાર ખરીદવા હોય તો તે માટેનો શ્રેષ્ઠ દિવસ વિશ્વકર્મા જયંતી છે. વિશ્વકર્મા જયંતીને દિવસે તમે કોઈપણ પ્રકારના યંત્ર ઓજાર ખરીદો તો એમાં તમને કાયમ માટે મોટો લાભ થશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. વિશ્વકર્મા ભગવાન વિશ્વના નિર્માતા છે તેમના થકી વિશ્વનું નિર્માણ થયું છે. વિશ્વકર્મા પુરાણ એક ઉપ પુરાણ છે અને તે ભારતીય સંસ્કૃતિનું મહત્વનું અંગ છે. તેમાં મકાનની રચના, મંદિરોની રચના સહિતના અનેક પ્રકરણો આપેલા છે. કયા દિવસે કઈ ધાતુ ખરીદવી તેનું પણ તેમાં વર્ણન છે. આમાં દિવાળીના ધનતેરસને દિવસે, પુષ્ય નક્ષત્રમાં તથા અન્ય શુભ દિવસે સોનુ ચાંદી ખરીદવામાં મોટો લાભ થાય છે તેમ કહેવામાં આવ્યું છે. ધનતેરસ પર ધારદાર કે તીક્ષ્ણ વસ્તુઓ ન ખરીદવી જોઈએ. સોય પણ ખરીદશો નહીં. એવું માનવામાં આવે છે કે તેઓ ઘરમાં અશાંતિ પેદા કરે છે.

## શબ્દ સંજોગ-૧૮૯૩



**આડી ચાવી :**
(૧) હાવભાવ, નખરા (૨)
(૩) પૂર્ણિમા (૪)
(૭) બટાકા, ચણા દાળ વગેરેની એક વાનગી (૩)
(૯) મોર (૩)
(૧૦) કપનો સાથીદાર (૩)
(૧૧) ડર (૨)
(૧૩) અસ્થિર, ડગુમગુ (આ-અ) (૪)
(૧૫) રામને એંઠા બોર ખવડાવનાર (૩)
(૧૭) ઘાટું, ગીચ (૨)
(૧૯) ઘરનો આગલો ખંડ (૪)
(૨૧) એક મશહુર ગાયક (૨)
(૨૨) એક બંગાળી અટક (૩)
(૨૪) હદ, શુમાર (૧)
(૨૫) અગન, લાય (૨)
(૨૬) યંત્રવિદ્યા જાણનાર આદમી (૪)
(૨૭) પાઘડીનો....છેડો (૨)
(૨૮) જનની, માતા (૧)

**ઉભી ચાવી :**
(૧) ભારતનું રાષ્ટ્રીય પક્ષી (૨)
(૨) વાટ, રાહ (૩)
(૪) પાંદડું (અ) (૨)
(૫) એક ફળ (૪)
(૬) હનુમાનજીના પિતા (૩)
(૮) મોટા દરવાજામાં રાખેલી નાની બારી (૪)
(૧૧) માથાની ચામડીનો એક રોગ (૨)
(૧૨) ખોબો (૨)
(૧૩) એક ઋષિ (૩)
(૧૪) કલંક, બટ્ટો (૨)
(૧૬) એક મીઠાઈ (૩)
(૧૮) એક અભિનેત્રી : દીપ્તિ.... (૩)
(૧૯) પાંખોવાળી દેવતાઈ સુંદરી (૨)
(૨૦) પત્નીની બહેન (૨)
(૨૧) રાંધેલુ અન્ન, ભોજન (૩)
(૨૨) પાઘડી (૨)
(૨૩) પાસે (૨)
(૨૫) તહોમત, કલંક (૨)

## શબ્દ સંજોગ-૧૮૯૨ જવાબ

**આડી ચાવી:** (૧) શાલિહોત્ર (૩) કમતર (૬) અબતર (૭) લઘરવઘર (૯) લવ (૧૧) રત (૧૩) સામે (૧૫) કાનોકાન (૧૭) સળેખમ (૨૦) અડગ (૨૨) અણસાર (૨૪) સ્વાર્થ (૨૫) અણવર.
**ઉભી ચાવી:** (૧) શાર્દૂલ (૨) હોનારત (૩) કબર (૪) મત (૫) તરલ (૬) અઘરું (૮) ઘરમેળે (૧૦) વચન (૧૨) પાનો (૧૩) સાસરી (૧૪) વ્યોમ (૧૫) કાન (૧૬) કાપડ (૧૮) ખમણ (૧૯) ઘોર (૨૦) અર્પણ (૨૧) ગમાર (૨૨) અર્થ (૨૩) સાવ.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૫૬૦ |
| ઘઉં લોકવન | ૫૭૪ | ૬૦૨ |
| ઘઉં ટુકડા | ૫૭૮ | ૬૨૬ |
| જુવાર સફેદ | ૭૧૪ | ૮૦૦ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૫૨ |
| બાજરી | ૩૮૫ | ૫૨૦ |
| તુવેર | ૧૧૦૫ | ૧૫૦૦ |
| ચણા પીળા | ૧૧૮૦ | ૧૩૮૦ |
| ચણા સફેદ | ૨૧૦૦ | ૨૯૫૦ |
| અડદ | ૧૨૯૦ | ૧૭૧૮ |
| મગ | ૧૧૨૫ | ૧૬૨૫ |
| ચોળી | ૨૨૪૧ | ૩૦૦૦ |
| વટાણા | ૧૧૧૧ | ૩૫૮૬ |
| તલી | ૨૦૧૧ | ૨૬૦૦ |
| સુરજમુખી | ૯૦૦ | ૯૦૦ |
| એરંડા | ૧૨૧૨ | ૧૨૬૧ |
| અજમો | ૧૧૨૦ | ૨૧૬૦ |
| સોયાબીન | ૭૨૫ | ૮૪૫ |
| કાળા તલ | ૨૮૮૦ | ૩૮૦૦ |
| લસણ | ૪૦૦૦ | ૫૪૨૫ |
| ધાણા | ૧૧૬૫ | ૧૪૫૦ |
| મરચા સુકા | ૧૦૦૦ | ૩૧૦૦ |
| ધાણી | ૧૩૬૫ | ૧૫૦૦ |
| વરીયાળી | ૧૦૧૫ | ૧૪૦૦ |
| જીરૂ | ૪૨૫૦ | ૪૬૬૪ |
| રાય | ૧૦૮૦ | ૧૩૧૭ |
| મેથી | ૧૦૫૦ | ૧૨૪૧ |
| રાયડો | ૧૦૬૦ | ૧૧૪૮ |
| રજકાનું બી | ૪૨૦૦ | ૪૯૭૦ |
| ગુવારનું બી | ૯૭૧ | ૧૦૩૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૦૫૦ | ૧૮૫૦ |
| બટેટા | ૩૦૦ | ૭૩૦ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૭૨૦ |
| ટમેટા | ૪૮૦ | ૭૨૦ |
| સુરણ | ૧૧૩૦ | ૧૩૫૦ |
| કોથમરી | ૧૪૦૦ | ૨૪૫૦ |
| મુળા | ૩૫૦ | ૫૫૦ |
| રીંગણા | ૬૩૦ | ૧૦૫૦ |
| કોબીજ | ૨૮૦ | ૫૬૦ |
| ફ્લાવર | ૭૫૦ | ૧૩૦૦ |
| ભીંડો | ૬૫૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૮૫૦ | ૧૪૫૦ |
| ચોળાસીંગ | ૬૫૦ | ૧૧૦૦ |
| વાલોળ | ૧૦૫૦ | ૧૪૫૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૨૫૦ | ૪૫૦ |
| કારેલા | ૫૦૦ | ૮૫૦ |
| સરગવો | ૭૦૦ | ૧૫૦૦ |
| તુરીયા | ૬૫૦ | ૮૫૦ |
| પરવળ | ૮૫૦ | ૧૦૮૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૮૫૦ |
| બીટ | ૨૮૦ | ૫૫૦ |
| મેથી | ૫૫૦ | ૧૦૫૦ |
| વાલ | ૮૫૦ | ૧૨૫૦ |
| ડુંગળી લીલી | ૧૮૦ | ૫૫૦ |
| આદુ | ૭૫૦ | ૧૪૫૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૮૫૦ |
| હળદર લીલી | ૭૫૦ | ૧૦૫૦ |
| મગફળી લીલી | ૩૫૦ | ૮૫૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૫૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૬૬ | ૧૦૪૨ |
| શિંગ મોટી | ૭૬૦ | ૧૨૨૫ |
| શિંગદાણા ફાડા | ૯૫૦ | ૧૦૬૦ |
| તલ સફેદ | ૧૮૫૫ | ૨૬૫૫ |
| તલ કાળા | ૨૭૩૦ | ૪૦૦૦ |
| બાજરો | ૪૦૫ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૫૨૮ | ૭૨૫ |
| ઘઉં લોકવન | ૫૭૫ | ૬૪૩ |
| વાલ | ૧૬૮૦ | ૧૬૮૦ |
| મગ | ૮૦૦ | ૨૦૧૦ |
| ચણા | ૮૦૦ | ૨૦૧૦ |
| કપાસ | ૭૫૦ | ૧૫૭૭ |
| જીરું | ૩૮૦૦ | ૪૩૭૦ |
| ધાણા | ૯૨૦ | ૧૫૪૦ |
| સોયાબીન | ૬૦૪ | ૮૫૨ |
| તુવેર | ૬૦૦ | ૧૩૩૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૨૦ | ૫૦૦ |
| રીંગણાં | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ફુલાવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૬૦૦ |
| ટામેટા | ૬૦૦ | ૮૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ગાજર | ૪૦૦ | ૬૦૦ |
| દૂધી | ૪૦૦ | ૬૦૦ |
| કારેલા | ૪૦૦ | ૭૦૦ |
| ગલકા | ૬૦૦ | ૯૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ચોળા લીલાં | ૧૦૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૯૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૧૫૦૦ | ૨૦૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફુદીનો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૯૦૦ |
| બીટ | ૭૦૦ | ૭૫૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સૂકી | ૫૦૦ | ૯૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૧૦૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| શીંગઓળા | ૭૦૦ | ૮૦૦ |
| ડુંગળી | ૧૦૦ | ૫૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૦૦૧ | ૧૫૪૬ |
| સિંગદાણા જાડા | ૧૦૫૧ | ૧૨૫૦ |
| સિંગ ફાડીયા | ૭૪૫ | ૧૨૫૦ |
| એરંડા / એરંડી | ૧૦૮૧ | ૧૨૩૬ |
| જીરૂ | ૩૨૫૧ | ૪૬૫૧ |
| ગોગળી | ૬૦૦ | ૮૯૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૭૦૦ | ૧૦૫૧ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૨૩૧ |
| તલ સફેદ | ૨૧૧૦ | ૨૪૨૧ |
| જીરૂ | ૪૦૫૦ | ૪૪૧૧ |
| કપાસ | ૧૧૫૦ | ૧૫૪૮ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૬૪૦ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૮૪ |
| જુવાર | ૫૦૧ | ૮૪૦ |
| ચણા | ૭૫૦ | ૧૩૮૮ |
| સોયાબીન | ૬૫૦ | ૮૫૨ |
| સોયાબીન | ૭૦૩ | ૮૩૦ |
| મકાઈ | ૫૬૦- | |
| **ભેસાણ** | | |
| કપાસ | ૯૦૦ | ૧૫૦૧ |
| ઘઉં | ૪૫૦ | ૬૨૩ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૩૨ |
| અડદ | ૧૧૦૦ | ૧૫૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૮૬ |
| શીંગફાડા | ૯૦૦ | ૧૦૫૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૦ | ૧૫૯૦ |
| કપાસ કોડી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| મગફળી નવી | ૧૦૩૯ | ૧૧૬૧ |
| મગ | ૧૩૮૦ | ૧૫૬૦ |
| અડદ | ૧૨૧૫ | ૧૪૬૫ |
| ઘઉં | ૫૦૯ | ૬૫૧ |
| જીરૂ | ૪૦૪૦ | ૪૩૬૦ |
| તલ સફેદ | ૨૦૪૦ | ૨૨૯૦ |
| ચણા | ૧૧૪૫ | ૧૩૧૫ |
| સોયાબીન | ૭૪૭ | ૮૦૩ |
| બાજરો | ૩૬૦ | ૪૦૦ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૧૧૦૦ | ૧૫૧૭ |
| શીંગ ૩૨ | ૭૪૦ | ૧૦૪૨ |
| શીંગ ૩૯ | ૭૪૪ | ૧૧૮૦ |
| શીંગ જી-૨૦ | ૯૫૧ | ૧૨૦૬ |
| એરંડા | ૮૦૦ | ૧૨૫૧ |
| જુવાર | ૪૬૫ | ૭૫૧ |
| બાજરી | ૪૬૧ | ૬૧૮ |
| ઘંઉ ટુકડા | ૫૨૮ | ૬૯૧ |
| અડદ | ૧૧૪૮ | ૧૭૦૦ |
| મગ | ૬૦૦ | ૧૭૫૧ |
| સોયાબીન | ૬૭૦ | ૯૦૦ |
| ચણા | ૧૧૪૯ | ૧૪૦૦ |
| અજમા | ૧૪૩૫ | ૨૦૬૦ |
| જીરૂ | ૪૨૨૫ | ૪૨૨૫ |
| ડુંગળી લાલ જુની | ૨૬૦ | ૯૩૧ |
| ડુંગળી લાલ નવી | ૧૧૪ | ૭૮૮ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૮૭૮ |
| કપાસ શંકર | ૯૮૦ | ૧૪૧૧ |
| નાળીયેર | ૫૪૫ | ૨૪૯૭ |
| **કોડીનાર** | | |
| મગફળીજી-૨૦ | ૯૨૫ | ૧૧૯૧ |
| મગફળી૩૨નં. | ૮૮૦ | ૧૦૮૭ |
| બાજરી | ૪૮૨ | ૫૬૮ |
| ઘઉં | ૫૦૦ | ૬૫૧ |
| સફેદ તલ | ૨૦૫૦ | ૨૪૨૨ |
| સોયાબીન | ૬૫૦ | ૮૮૦ |
| જુવાર | ૫૭૦ | ૭૫૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૬૩૦ |
| ચણા | ૧૧૬૫ | ૧૩૦૮ |
| મગ | ૧૩૦૦ | ૧૬૩૫ |
| કપાસ | ૯૮૦ | ૧૪૬૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૯૦૦ | ૧૫૭૫ |
| જુવાર | ૫૧૫ | ૬૨૦ |
| બાજરો | ૩૮૦ | ૫૨૦ |
| ઘઉં | ૪૪૨ | ૬૨૭ |
| મગ | ૧૨૦૦ | ૧૬૨૦ |
| અડદ | ૧૧૨૦ | ૧૬૮૦ |
| ચોળી | ૨૬૦૦ | ૩૨૫૫ |
| વાલ | ૧૦૦૦ | ૨૦૦૫ |
| મેથી | ૯૭૦ | ૧૧૦૫ |
| મકાઈ | ૫૦૦ | ૫૭૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૨૦૮૫ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૧૩૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૪૯ |
| તલ | ૨૧૦૦ | ૨૪૦૦ |
| રાયડો | ૯૨૫ | ૧૦૭૪ |
| રાઈ | ૧૧૦૦ | ૧૩૦૫ |
| લસણ | ૨૧૦૦ | ૫૩૩૦ |
| જીરૂ | ૨૩૦૦ | ૪૫૮૦ |
| અજમો | ૨૪૦૦ | ૩૦૦૦ |
| ધાણા | ૭૦૦ | ૧૩૨૫ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૫૫૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૨૪૦ | ૧૫૭૬ |
| કપાસ સી ગ્રેડ | ૬૧૦ | ૯૯૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૭૫૦ | ૧૧૧૧ |
| સોયાબીન | ૭૬૨ | ૭૬૨ |
| અડદ | ૧૦૧૧ | ૧૦૧૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ગીરગઢડાના ધોકડવા નજીક બે બાઈક વચ્ચે અકસ્માતમાં બેના મોત

ઉના,તા.૨૮

ગીરગઢડાનાં ધોકડવા નજીક આવેલાં સોનારીયા ગામનાં પાટીયા પાસે બપોરના સમયે બે બાઈક સામસામે અથડાતાં ઊના નગરપાલિકાનાં પૂર્વ પ્રમુખનાં યુવાન પુત્રનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજયું હતું. જયારે સામે વાળા બાઈક ચાલકનું પણ સારવાર દરમિયાન મોત થયુ હોવાનું જાણવા મળેલ છે. અન્ય બાઈકમાં બેઠેલા


તસ્વીર : કૈલાશ ભટ્ટ

એક યુવાનને ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલ છે. ઊના પાલિકાનાં પૂર્વ પ્રમુખ ભાણજીભાઈ સાજણભાઈનો યુવાન પુત્ર પંકજ ચૌહાણ પોતાનાં મિત્ર સાથે બુલેટ બાઈક લઈને રાજકોટ મેડિકલ કામે ઉનાથી નીકળ્યો હતો. ધોકડવા નજીક સોનારીયા ગામનાં પાટીયા પાસે સામેથી ત્રિપલ સવારીમાં આવતી હોન્ડા બાઈક સાથે ધડાકાભેર અથડાતા પંકજ ચૌહાણનું ઘટનાસ્થળે મોત થયુ હતું અને તેમના મિત્રને ઈજાઓ પહોંચી જ્યારે સામેથી આવતી હોન્ડા બાઈક સવાર વિજયભાઈને ગંભીર ઈજા થતાં રાજકોટ વધુ સારવાર અર્થે રવાનાં કરેલ જ્યાં સારવાર દરમિયાન મોત થયું હોવાનું જાણવા મળ્યું હતું. જ્યારે અન્ય એક યુવાનને હોસ્પિટલમાં દાખલ કરાયો છે.

# કોડીનારથી ડોળાસા વચ્ચે હાઈવે રોડ પર બાવળના ઝાડનું સામ્રાજ્ય : વાહનચાલકો પરેશાન

**તંત્ર દ્વારા યોગ્ય કડક પગલા લેવાય તેવી રાહદારીઓ અને વાહનચાલકોની માંગ**


તસ્વીર : અનીલ કાનાબાર

ડોળાસા તા.૨૮

કોડીનાર તાલુકાના મજેવડી હનુમાન નજીક એક કિ.મી. સુધીના બીજા રોડ પટ્ટાનું કામ બાકી છે. તેમાંય ગાંડા બાવળના ઝાડ એવા ફેલાયા છે કે આ રોડ પર બે બે ફુટ રોડ પર ફેલાતા વાહન ચાલકોને ભારે અડચણ ઉભી થઈ છે. આ કારણે અકસ્માતની સંભાવના છે. કોડીનારથી ઉના સુધીના ૪૦ કિ.મી.નું ફોરટ્રેક રોડનું કામ પૂરું થયું છે. માત્ર અહી જ એક કિ.મી.નું કામ બાકી છે. સારા રોડને કારણે વાહનો પુરઝડપે દોડી રહ્યા છે. પણ આ એક કિ.મી.ના રોડમાં સામસામેથી વાહનો પસાર થતાં હોય અકસ્માતનો સતત ભય રહે છે. આથી તંત્ર યોગ્ય નિરાકરણ કરે તેવી લોકોની માંગ છે.

# ધોરાજીનાં પીપળીયા ગામે સીમમાં ઈંગ્લિશ દારૂની હેરફેર કરતો ઈસમ ઝડપાયો

ધોરાજી, તા.૨૮

ધોરાજી તાલુકા પોલીસ દ્વારા દારૂ, જુગાર બાબતે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. તહેવારો પૂર્વે દારૂનું વેચાણ થતું હોય છે ત્યારે પીઆઈ એલ. આર. ગોહીલ અને સર્વેલન્સ સ્ટાફના મનીષભાઈ વરૂને બાતમી મળતા પીપળીયાથી ભોળા ગામ તરફ જવાના જૂના ગાડા રસ્તે ગૌચર ખરાબામાં મોટાપાયે દારૂની હેરફેર કરતો અને પીપળીયા ગામે રહેતો લિસ્ટેડ બુટલેગર ભરત ઉર્ફે ગઝની નારણભાઈ બથવારને ઝડપી પાડયો છે. જયારે એક આરોપી ધોરાજી પોરબંદર નેશનલ હાઈવે પર વેલનાથ હોટલવાળો પરબત સરમણભાઈ કરમટાનું નામ ખૂલવા પામ્યું છે. આ ભોળા ગામ પાસેથી દારૂનો જથ્થો ૮૨૮ નંગ નાની મોટી બોટલ મળી આશરે કિંમત રૂા.૨,૫૫,૫૬૪નો મુદ્દામાલ પોલીસે ઝડપી પાડયો હતો.

# કોડીનારમાં ફટાકડા વેચાણ માટે ગણતરીનાં જ વેપારીઓનાં લાયસન્સ ઈશ્યુ કરાયા

ઉના, તા.૨૮

કોડીનારમાં ફટાકડા વેચાણ માટે શહેરની બહાર શિંગવડા નદીના કાંઠા વિસ્તારમાં તમામ સૂચનોનું પાલન કરવાની શરતે ઉભા કરાયેલા સ્ટોલમાં જ પરવાનગી અપાય છે. જયારે અમુક વેપારીઓનાં લાયસન્સ ઈશ્યુ ન થતાં રોષ ફેલાયો છે. જયારે બીજી તરફ કોડીનારમાં બિલાડીનાં ટોપની માફક


તસ્વીર : પ્રતિકાત્મક

શાકભાજીની જેમ મંજૂરી વગરની રેકડીઓ બેફામ રીતે ફટાકડાનું વેચાણ કરે છે તથા લાયસન્સ ધારકો સિવાયનાં સ્ટોલ પણ ઉભા થઈ ગયા છે અને દુકાનો પણ ખુલી ગઈ છે. રાજકોટ ટીઆરપી ગેમ ઝોનની ઘટના બાદ તંત્ર કડક બન્યું છે પરંતુ તે કહેવા ખાતર જ કડક બન્યું છે. સર્વોચ્ચ અદાલતે ફટાકડા અંગે જે સૂચનો કરેલા છે તેનું પોલીસ તંત્ર દ્વારા પણ પાલન કરવામાં આવતું નથી કે પછી કોઈ ગંભીર ઘટના બને તેની રાહ જોઈ રહ્યું છે. જો કોઈ ગંભીર ઘટના બને તો જવાબદારી કોની તેવા વેધક સવાલો લોકોમાં ચર્ચાઈ રહ્યાં છે.

# ગીર સોમનાથમાં દિવાળી પૂર્વે ફૂડ વિભાગની તપાસ ભેળસેળિયા તત્વો સામે કાર્યવાહી કે માત્ર દેખાડો?

ગીર સોમનાથ,તા.૨૮

ગીર સોમનાથ જિલ્લામાં દિવાળી પર્વની પૂર્વ સંધ્યાએ ફૂડ અને ડ્રગ વિભાગે અચાનક બતાવેલી સક્રિયતાએ અનેક પ્રશ્નો ઉભા કર્યા છે. વર્ષ દરમિયાન નિષ્ક્રિય રહેતા વિભાગે 'ફૂડ સેફટી પખવાડિયા'ના નામે જિલ્લાભરમાં વ્યાપક તપાસ હાથ ધરી છે. વિભાગે મીઠાઈ-ફરસાણની દુકાનો, દૂધ ડેરી, હોટલ-રેસ્ટોરન્ટ અને બેકરી સહિત ૨૩૩ સ્થળોએથી ૨૬૦ ખાદ્ય નમૂના એકત્રિત કર્યા છે. જોકે, આ નમૂનાઓના રિપોર્ટ આવે ત્યાં સુધીમાં તહેવાર પૂર્ણ થઈ જશે અને અનેક ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થો લોકો આરોગી ચૂક્યા હશે તેવી ચિંતા વ્યક્ત થઈ રહી છે. બજારમાં ઓછી કિંમતે વેચાતા ચીઝ, બટર અને ઘી જેવી વસ્તુઓમાં ભેળસેળની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પરંતુ તેમની સામે કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી.

# ઉનાના નવાબંદર પ્લોટ વિસ્તારમાં મચ્છી સુકવતા વેપારી પર સિંહનો જીવલેણ હુમલો

ઉના,તા.૨૮

ઉનાના નવાબંદર પ્લોટ વિસ્તારમાં તાજી મચ્છી સુકવતા મજૂરો પર ડાલામથ્થાએ અચાનક હુમલો કરી દેતાં ગુલાબ હાજી શબ્બીર હુશેન સૈયદ નામનાં યુવાનને સાથળના ભાગમાં નખ મારી દેતા અને બચકાં ભરતા યુવાનને લોહીલુહાણ હાલતમાં કરી દીધેલ અને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં


તસ્વીર : કૈલાશ ભટ્ટ

ખસેડ્યા હતા. દરિયાઈ કાંઠા વિસ્તારના નવાબંદર ગામમાં રહેણાંક વિસ્તારમાં ૧૦ દિવસ પહેલા ૩ પશુઓનો પણ શિકાર કર્યો હતો.

છેલ્લા દસેક દિવસમાં ત્રણ વખત પશુઓનાં શિકાર કરી મિજબાની માણી ચુકેલા આ વન્ય પ્રાણી હવે માનવીનું લોહી ચાખી ગયાં હોવાથી માનવભક્ષી બની આ વિસ્તારમાં ઝૂંપડા બાંધી રહેતાં અને શહેરી ગલી મોહલ્લામાં રહેતાં નાનાં બાળકો, વૃદ્ધો, મહિલાઓને કોઈ પ્રકારની નુકસાની પહોંચાડે તે પહેલાં આ વિસ્તારમાં કાયમી બીટગાર્ડ અને ટ્રેકરનું પેટ્રોલીંગ કરી આ વન્ય પ્રાણીને દૂર જંગલ માર્ગે ખસેડવા માંગણી ઉઠવા પામી છે.

# રાજકોટ-દીવ રૂટની બસ એક કલાક મોડી ઉપાડતા મુસાફરો રઝળી પડયા

ઉના, તા.૨૮

રાજકોટ-દીવ રૂટની એકસપ્રેસ બસ રાજકોટ એસ.ટી. બસ સ્ટેન્ડથી બપોરે ૧૧:૪૫ વાગે ઉપડે છે. પરંતુ એસ.ટી.નાં નિયત સમય કરતાં એક કલાક મોડી ઉપાડતા તેમાં સંખ્યાબંધ મુસાફરો કોડીનારથી તેમના ગ્રામ્ય વિસ્તારમાં જતી બીજી અન્ય બસોનાં કનેકશન ચૂકી જતાં કોડીનાર બસ સ્ટેશનમાં રઝળી પડયા હતાં. રાજકોટ એસ.ટી.


તસ્વીર : પ્રતિકાત્મક

ડિવિઝનનાં અણઘડ વહીવટને કારણે છેલ્લા કેટલાય સમયથી આ એસ. ટી. બસ રાજકોટથી દરરોજ એક કલાક મોડી ઉપડે છે. દરરોજ એક કલાક બસ મોડી ઉપાડવાના કારણે તેના નિયત સ્થળે પહોંચવામાં એક કલાક જેવું મોડું થાય છે. જેનાં કારણે બસમાં મુસાફરી કરતાં લોકો ગામડે જવાની બસ ચૂકી જતાં હોય છે. જે બનાવ વારંવાર બનતા હોવાથી આ અંગે રાજકોટ એસ.ટી. ડિવિઝનનાં ડેપો મેનેજર ચગને રજૂઆત કરતાં તેઓએ જણાવેલ કે રાજકોટથી દીવ રૂટની આ એક જ બસ છે. જેની સાફ-સફાઈ થયા પછી સ્ટેન્ડ પર મુકાતી હોવાથી મોડું થાય છે. લોકો આ બાબતે રોષે ભરાયા હતા અને તાત્કાલિક ઘટતું કરવા માંગણી કરી હતી.

# ગીર ગઢડા તાલુકાના ધોકડવા ગામે તંત્ર દ્વારા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું

ગીર ગઢડા, તા.૨૮

ગીર ગઢડા તાલુકાના ધોકડવા ગામે એક દિવાળી માનવતાની તો એક દિવાળી વેપારીના પેટ ઉપર પાટું જેવી સ્થિતિ સર્જાઈ છે. ધોકડવા ગામે તંત્ર દ્વારા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું તો વેપારી જગતમાં દિવાળી બગડી હોય તેવી દહેશત ઉભી થઈ છે. આખું વર્ષ મંદીથી પીડાતા વેપારીઓને દિવાળી સિઝનની રાહ હતી તેમાં પણ ધોકડવા ગામના કહેવાતા નેતા



દ્વારા અરજીઓ તેમજ ટેલીફોન કરી તંત્રને પ્રેશર કરવામાં આવ્યું કે ડિમોલિશન દિવાળી પહેલા કરવામાં આવે. વેપારીઓનું નુકસાન જોઈને તંત્રના અધિકારીઓની પણ આંખો ભીની થઈ ગઈ હતી. આ ડિમોલિશન દિવાળી બાદ પણ થઈ શકતું હતું પરંતુ કહેવાતા આગેવાને તંત્રની ઉંઘ હરામ કરીને દિવાળી પહેલાં જ ડિમોલિશન કરાવ્યું હતું.

# સુરતમાં દારૂ અને હુક્કાની મોજ માણતા ૧૭ લોકોની કરાઈ ધરપકડ



સુરત,તા.૨૮

સુરતની પાલ પોલીસે ઓખા ભરવાડ વાસની બાજુમાં આવેલા એક ખાનગી ફાર્મહાઉસમાં કેટલાક લોકો દારૂની મહેફિલ માણી રહ્યા છે એની જાણકારી મળતાં રેડ કરી હતી. રેડ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે સિદ્ધાર્થ સંપતમલ ચોપડાના જન્મદિવસ નિમિત્તે તેના કેટલાક કુખ્યાત આરોપીઓ બેસીને પાર્ટી કરી રહ્યા હતા. પોલીસ તપાસમાં દારૂની બોટલો પણ મળી આવી હતી. આ પાર્ટીમાં હાજર તમામ ૧૭ આરોપી દારૂના નશામાં હતા. પોલીસે તમામની ધરપકડ કરી લીધી છે.

# ધોકડવા અને સામતેર ગામે સેવા સેતુ કાર્યક્રમનો પ્રારંભ

ગીર સોમનાથ,તા.૨૮

ગુજરાત સરકારના મહત્વાકાંક્ષી સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત ગીરગઢડા તાલુકાના ધોકડવા અને ઉના તાલુકાના સામતેર ગામમાં દસમા તબક્કાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ધારાસભ્ય કે.સી. રાઠોડના હસ્તે કરવામાં આવ્યું હતું. સરકારી યોજનાઓના લાભ અને વિવિધ પ્રકારના દાખલા તથા પ્રમાણપત્રો એક જ સ્થળેથી ટૂંક સમયમાં મળી રહે તે હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં અરજદારોએ લાભ લીધો હતો. કાર્યક્રમમાં વિશેષ રૂપે જિલ્લા


તસ્વીર : કૈલાશ ભટ્ટ

પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ડાયાભાઈ જાલોંધરા, જિલ્લા ભાજપ મહામંત્રી વિશાલભાઈ વોરા, તાલુકા પંચાયતના ઉપપ્રમુખના પ્રતિનિધિ ભીખાભાઈ કિડેચા, કાંતિભાઈ માળવી, તાલુકા પંચાયતના સદસ્ય દુલાભાઈ ગુજજર અને મનિષભાઈ જાલોંધરા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# જંગલ-ગ્રામ્ય સીમા વિસ્તારોમાં સરકારી વિભાગોનું સઘન કોમ્બિંગ

ગીર સોમનાથ,તા.૨૮

જંગલ અને રેવન્યુ વિભાગની સરહદે આવેલા હરમડિયા, એભલવડ, મોરવાડ, આલીદર અને પીછવી સહિતના ગામોમાં વિવિધ સરકારી વિભાગો દ્વારા સંયુક્ત કોમ્બિંગ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું. વન વિભાગ, પોલીસ વિભાગ, ખાણ-ખનીજ વિભાગ અને PGVCLના અધિકારીઓએ આ વિસ્તારમાં સઘન તપાસ અભિયાન ચલાવ્યું.



આ દરમિયાન વાડીઓમાં ખુલ્લા વીજ વાયરો, ઈલેક્ટ્રિક ફેન્સિંગ અને ખનીજ સંબંધિત ગેરકાયદે પ્રવૃત્તિઓની તપાસ કરવામાં આવી. ઉચ્ચ અધિકારીઓએ ગામોમાં જાહેર બેઠકો યોજી વન્યપ્રાણીઓના રક્ષણની મહત્તા સમજાવી હતી. વાડી માલિકોને ખુલ્લા વાયરો, ખુલ્લા કૂવા અને ઈલેક્ટ્રિક ફેન્સિંગ રાખવાથી થતા ગંભીર ગુનાઓ અંગે ચેતવણી આપવામાં આવી. અધિકારીઓએ સ્થાનિક લોકોને જણાવ્યું કે જંગલી પ્રાણીઓનું રક્ષણ અને જતન કરવું એ દરેક નાગરિકની ફરજ છે. આ સાથે વન્યજીવન સુરક્ષા માટે કાયદાકીય જોગવાઈઓ અને દંડની રકમ વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા.

# દિવાળી પૂર્વે ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં મગફળીની આ સિઝનની રેકોર્ડબ્રેક આવક

ગોંડલ,તા.૨૮

ગોંડલ માર્કેટિંગ યાર્ડે દિવાળી પૂર્વે મગફળીની સિઝનમાં નવો રેકોર્ડ નોંધાવ્યો છે. સૌરાષ્ટ્રના અગ્રણી એપીએમસીમાં ૧.૫૦ લાખથી વધુ ગૂણી મગફળીની આવક થતાં યાર્ડ છલકાઈ ગયું હતું. આ વિપુલ આવકને કારણે યાર્ડની બહાર ૧૨૦૦થી વધુ વાહનોની ૫-૬ કિલોમીટર લાંબી કતાર જામી હતી. સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓ રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ,


તસ્વીર : ભોજાણી દેવાંગ

પોરબંદર, જામનગર, દેવભૂમિ દ્વારકા અને મોરબીમાંથી ખેડૂતો મોટી સંખ્યામાં પોતાની ઉપજ લઈને આવ્યા હતા. યાર્ડના વાઈસ ચેરમેન ધર્મેન્દ્રસિંહ જાડેજા અને સ્ટાફે મોડી રાત સુધી ખડેપગે રહી વ્યવસ્થા સંભાળી હતી. મગફળીના જથ્થાને સમાવવા માટે મરચાના ગ્રાઉન્ડનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાના જણાવ્યા અનુસાર, હરાજીમાં રેગ્યુલર મગફળીના ભાવ ૨૦ કિલોદીઠ રૂ.૬૦૦થી ૧૨૦૦ અને ૬૬ નંબરની મગફળીના ભાવ રૂ.૭૦૦થી ૧૭૦૦ સુધી બોલાયા હતા. જગ્યાની અછતને કારણે યાર્ડ સત્તાધીશોએ વધુ આવક પર પ્રતિબંધ મૂક્યો છે અને નવી જાહેરાત સુધી ખેડૂતોને મગફળી ન લાવવા સૂચના આપી છે.

# ગુજરાતમાં નવેમ્બર માસના ૭ દિવસ ગરમીનો અનુભવ રહેશે

**રાજ્યમાં વાતાવરણ શુષ્ક રહેશે**



અમદાવાદ,તા.૨૮

ભારતીય હવામાન વિભાગના પૂર્વ અનુમાન અનુસાર આ વર્ષે ઓક્ટોબર મહિનો સામાન્ય કરતાં વધુ ગરમ રહ્યો છે એટલે કે લઘુત્તમ અને મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ નોંધાયું છે ત્યારે હજુ પણ આગામી સાત દિવસ માટે ગુજરાતના હવામાન વિભાગ દ્વારા તાપમાન યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે એટલે કે નવેમ્બર માસના પહેલા સપ્તાહમાં પણ ગુજરાતીઓને અત્યંત ગરમીનો અનુભવ થશે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી સાત દિવસ લઘુત્તમ અને મહત્તમ તાપમાન યથાવત રહેતા ગુજરાતીઓને દિવાળી દરમિયાન ગરમીનો અનુભવ રહેશે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસના જણાવ્યા અનુસાર આગામી સાત દિવસ ગુજરાત રાજ્યમાં શુષ્ક વાતાવરણ રહેશે. લઘુત્તમ અને મહત્તમ તાપમાન યથાવત રહેતા ગુજરાતવાસીઓને અત્યંત ગરમીનો અહેસાસ થશે.

# ગુજરાત જાહેર સેવા કમિશનના નવા અધ્યક્ષ તરીકે હસમુખ પટેલની નિમણૂક



અમદાવાદ,તા.૨૮

ગુજરાત જાહેર સેવા કમિશન (GPSC)ના નવા અધ્યક્ષ તરીકે IPS અધિકારી હસમુખ પટેલની નિમણૂક કરવામાં આવી છે. રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ અંગેનો આદેશ જાહેર કર્યો છે. IPS કેડરના અધિકારી હસમુખ પટેલ આગામી સમયમાં GPSCના અધ્યક્ષ તરીકેનો કાર્યભાળ સંભાળશે. તેમની નિમણૂક થતાં GPSCને નવું નેતૃત્વ મળશે, જેઓ રાજ્યની વિવિધ સરકારી ભરતીઓ અને પરીક્ષાઓના સંચાલનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ગુજરાત સરકારે જાહેર કરેલા આદેશ અનુસાર, હસમુખ પટેલ ગુજરાત જાહેર સેવા આયોગની કામગીરીનું સંચાલન કરશે. તેમની આ નિમણૂકથી રાજ્યની સરકારી ભરતી પ્રક્રિયાઓને નવી દિશા મળશે એવી અપેક્ષા છે. ૨૦૧૬થી ૨૦૨૨ સુધી GPSCના અધ્યક્ષ તરીકેનો કાર્યભાર દિનેશ દાસાએ સંભાળ્યો હતો. જોકે તેમની નિવૃત્તિ બાદ આ પદ ખાલી હતું, જેથી આ ખાલી જગ્યાનો હવાલો નલિન ઉપાધ્યાયને સોંપવામાં આવ્યો હતો.

# ઉત્તર ભારતમાં સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે શિયાળાની તીવ્રતા વધશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૮

સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ઉત્તર ભારતમાં વરસાદ, હિમવર્ષા અને ધુમ્મસ થઈ શકે છે. પાકિસ્તાન અને ઉત્તર ભારતમાં તેના આગમન પર, હિમવર્ષા સાથે ગાઢ વાદળો હોઈ શકે છે. પશ્ચિમી વિક્ષેપ એટલાન્ટિક મહાસાગરની સાથે ભૂમધ્ય સમુદ્ર અને અમુક અંશે કેસ્પિયન સમુદ્રમાંથી ભેજ લાવે છે. તે ચોમાસા સિવાયના વરસાદની પેટર્ન ધરાવે છે અને તે પશ્ચિમી પવનોથી ચાલે છે. તે મધ્ય-અક્ષાંશ પ્રદેશમાં વિકાસ કરી રહ્યું છે. હવામાન કેન્દ્ર, દેહરાદૂન દ્વારા જારી કરવામાં આવેલી આગાહીમાં કહેવામાં આવ્યું છે કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે હવામાન બદલાઈ શકે છે. પહાડી વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણ ઠંડું રહ્યું છે. બાગેશ્વર, ચમોલી, રુદ્રપ્રયાગ અને પિથોરાગઢ જેવા પહાડી જિલ્લાઓના ઊંચા શિખરો પર વરસાદ અને હિમવર્ષા બાદ ઠંડીમાં વધારો થયો છે. દિવાળી બાદ ઉત્તરાખંડમાં શિયાળાની તીવ્રતા વધશે.

# કેનેડામાં ભારતીય ઈમિગ્રન્ટ્સમાં પંજાબી અને હિન્દી પછી ગુજરાતી ત્રીજી સૌથી વધુ બોલાતી ભાષા



નવીદિલ્હી,તા.૨૮

'જ્યાં-જ્યાં વસે ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત' કવિતાની આ પંક્તિ વર્તમાન સમયમાં કેનેડામાં વસેલા ગુજરાતીઓને લાગુ પડે છે. ગુજરાતીઓએ કેનેડામાં રીતસરનું મિની ગુજરાત ઊભું કરી દીધું છે. કેનેડામાં ભારતીય ઈમિગ્રન્ટ્સમાં પંજાબી અને હિન્દી પછી ગુજરાતી ત્રીજી સૌથી વધુ બોલાતી ભાષા છે. ૧૯૮૦ થી આશરે ૮૭,૯૦૦ ગુજરાતી ભાષી ઈમિગ્રન્ટ્સ કેનેડામાં સ્થાયી થયા છે. ૨૦૧૬ થી ૨૦૨૧ સુધીમાં ગુજરાતી ભાષી વસાહતીઓની સંખ્યામાં ૨૬%નો વધારો થયો છે.

કેનેડામાં પંજાબી અને હિન્દી પછી ગુજરાતી ત્રીજી સૌથી વધુ બોલાતી ભાષા બની છે. ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ સમીર યાદવનું કહેવું છે કે દાયકાઓ સુધી અમેરિકા લોકોનું ફેવરિટ ડેસ્ટિનેશન હતું, પરંતુ વિઝા પ્રક્રિયા અને વધુ પડતી કિંમતના કારણે લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. યુકે, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડે પણ પોતાના નિયમો કડક બનાવ્યા છે. આનાથી કેનેડામાં પરમેનન્ટ રેસીડેન્સી મેળવવાનું અને ત્યાં અભ્યાસ કરવાનું સરળ બન્યું છે.

# લખપતના મીંઢિયારી ગામે બોલાચાલી બાદ યુવાનની ઘાતકી હત્યા કરાઈ



લખપત,તા.૨૮

લખપત તાલુકાના અંતરિયાળ મીંઢિયારી ગામે આજે સવારે પરિણીત યુવકને તેના જ માસિયાઈ ભાઈએ અંગત કારણોસર ધારદાર હથિયારના ઘા મારી મોતને ઘાટ ઉતારી દેવાયાની ઘટના બની હતી. હત્યાના બનાવથી સમગ્ર વિસ્તારમાં ચકચાર પ્રસરી છે. મીંઢિયારી ગામના અબ્દુલ સાથે જુણાચાયના સલીમ જુમાં થુડિયાની ગત રાત્રિએ બોલાચાલી થયા બાદ આજે સવારે મીંઢિયારી ગામના મગફળીના ખેતરમાં બન્ને વચ્ચે મુલાકાત થઈ હતી. આ દરમિયાન બન્ને વચ્ચે ઝઘડો ઉગ્ર બન્યા બાદ આરોપી સલીમ અબ્દુલનાં શરીરે ધારદાર હથિયારના ઘા મારી ફરાર થઈ ગયો હતો. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ગોંડલના ગુંદાસરા ગામે ફાર્મમાંથી દારૂ પીતા ૧૪ વિદ્યાર્થીઓ ઝડપાયા, ૯ સગીર નીકળ્યા



(એ.આર.એલ),રાજકોટ,તા.૨૮

ગોંડલ તાલુકામાંથી એક ચોંકાવનારો અજીબો ગરીબ કિસ્સો સામે આવ્યો છે. ગોંડલ તાલુકાના ગુંદાસરા ગામ ખાતે રવિવારના રોજ વહેલી સવારે રાજકોટ રૂરલ લોકલ ક્રાઈમ બ્રાન્ચ તેમજ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા વિનુભાઈ ખૂંટ નામના વ્યક્તિના ફાર્મ હાઉસમાં દરોડો પાડી દારૂની મહેફિલ માણી રહેલા સ્કૂલ કોલેજના વિદ્યાર્થીઓને ઝડપી પાડવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે.

પોલીસ દ્વારા કુલ ૧૪ જેટલા વિદ્યાર્થીઓને ઝડપી પાડવામાં આવ્યા છે જે પૈકી નવ જેટલા વિદ્યાર્થીઓ સગીર વયના હોવાનું સામે આવ્યું છે. આમ, નાની ઉંમરે વિદ્યાર્થીઓ નશાના રવાડે ચડ્યા હોવાનું સામે આવ્યું છે.

રાજકોટ રૂરલ ક્રાઈમ બ્રાન્ચ તેમજ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના ગુંદાસરા ગામ ખાતે ફાર્મ હાઉસમાં રેઈડ પાડીને સ્કૂલ કોલેજના વિદ્યાર્થીઓને દારૂની મહેફિલ માણતા ઝડપી પાડવામાં આવ્યા છે. નવ સગીર વયના વિદ્યાર્થીઓ સહિત કુલ ૧૪ જેટલા વિદ્યાર્થીઓને દારૂની મહેફિલ માણતા ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસ દ્વારા ૮,૮૯૨ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂ કબજે કરવામાં આવ્યો છે.

# રાજકોટમાં આજીડેમ પાસે દીવાલ ધરાશાયી થતા માતા-પુત્રનું થયુ મોત



(એ.આર.એલ),રાજકોટ,તા.૨૮

રાજકોટમાં આજીડેમ પાસે દીવાલ ધરાશાયી થવાની ઘટના બની હતી જેમાં માતા-પુત્રનું ઘટના સ્થળે મોત થયું છે, ઘટનાની જાણ થતા આસપાસના લોકો દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી કરી હતી પરંતુ માતા-પુત્રને સારવાર મળે તે પહેલા જ તેમનું મોત થયું હતુ. શેડનું કામ ચાલી રહ્યું હતું તે દરમિયાન આ ઘટના બની હતી, સુરભી ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં આ બનાવ બન્યો હતો. સમગ્ર ઘટનાની જાણ થતાની સાથે જ પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. આસપાસના લોકોનું નિવેદન નોંધ્યું હતં અને મૃતદેહને પીએમ અર્થે મોકલી આપ્યા હતા સાથે સાથે કઈ રીતે અચાનક દીવાલ ધરાશાયી થઈ તેને લઈ FSLની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી હતી સાથે સાથે મૃતદેહનું પીએમ થશે ત્યારબાદ પરિવારજનોને મૃતદેહ સોંપવામાં આવશે. જ્યારે દીવાલનું બાંધકામ કર્યુ હોય તે નબળુ પડી જાય છે અને દીવાલમાં તિરાડ પડવાની ઘટના બનતી હોય છે જેના કારણે ઘરને અને ઘરમાં રહેલા વ્યકિતઓને નુકસાન થતું હોય છે.

# નેપાળની નપાવટતા: ૧૦૦ રૂપિયાની નોટમાં ભારતીય વિસ્તારને પોતાનો ગણાવ્યો




(એ.આર.એલ),કાઠમાંડૂ,તા.૨૮

નેપાળે ૧૦૦ રૂપિયાની નોટોનું પ્રિન્ટિંગ ચીની કંપની ચાઈના બેંક નોટ પ્રિન્ટિંગ એન્ડ મિન્ટિંગ કોર્પોરેશનને સોંપ્યું છે. આ કંપની નોટોની ૩૦ કરોડ નકલો છાપશે. આ નોટમાં બનાવેલા નકશામાં ભારતના લિપુલેખ, લિમ્પિયાધુરા અને કાલાપાની વિસ્તારોને નેપાળના ભાગ તરીકે દર્શાવવામાં આવ્યા છે. નેપાળ સરકારે મે મહિનામાં કેબિનેટની બેઠકમાં નોટોની ડિઝાઈનને મંજૂરી આપી હતી. ૨૦ મે, ૨૦૨૦ ના રોજ, નેપાળે બંધારણીય સુધારા દ્વારા લિમ્પિયાધુરા, લિપુલેખ અને કાલાપાનીને પોતાનો ભાગ જાહેર કરીને નવો નકશો જાહેર કરીને વિવાદ સર્જ્યો હતો. નેપાળ પાંચ ભારતીય રાજ્યો સિક્કિમ, પશ્ચિમ બંગાળ, બિહાર, યુપી અને ઉત્તરાખંડ સાથે ૧,૮૫૦ કિલોમીટર લાંબી સરહદ વહેંચે છે. આ ત્રણ વિવાદિત વિસ્તારો લગભગ ૩૭૦ ચોરસ કિલોમીટરના વિસ્તારને આવરી લે છે.

# દિવાળી નજીક આવતા ગીરનાર રોપ-વેમાં ૧૦%નો વધારો ઝીંકવામાં આવ્યો

અમદાવાદ,તા.૨૮

એશિયાની સૌથી ઊંચાઈ પર આવેલ ગિરનાર રોપ-વેનું સંચાલન ઉષા બ્રેકો કપની દ્વારા કરવામાં આવી રહ્યું છે. ચાર વર્ષમાં ગિરનાર રોપ-વેના માધ્યમથી ૨૯ લાખથી વધુ લોકોએ મા અંબાજીના દર્શન કર્યા છે. રોપ-વે કંપની દ્વારા શહેર સિવાયના પ્રવાસીઓ માટે ટિકિટ દરમાં ૧૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. ઉષા બ્રેકો કંપનીના જનરલ મેનેજર કુલબીરસિંહના જણાવ્યા મુજબ રોપ-વે પ્રારંભ થયાના ચાર વર્ષ બાદ પ્રથમ વખત ભાવ વધારો કરવામાં આવ્યો છે. ભારે પવન, વરસાદ અને વીજળી જેવી આબોહવાની પરિસ્થિતિને કારણે અનેક વખત રોપ-વે બંધ કરવો પડ્યો હતો. જેથી મેન્ટેનન્સ ખર્ચ પણ વધી ગયો છે. ગયા વર્ષે રોપ-વેમાં લોકોને અવર-જવર માટે સરળતા રહે તે માટે પ્રતિ કલાક ૮૦૦ ના બદલે ૧૦૦૦ મુસાફરોની અવર-જવરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

# ફિલિપાઈન્સમાં ટ્રામી વાવાઝોડાનો ભારે કહેર, ૧૩૦થી વધુ લોકોના મોત, અનેક લોકો ગુમ



ફિલિપાઈન્સ,તા.૨૮

દક્ષિણ પૂર્વ એશિયાઈ દેશ ફિલિપાઈન્સમાં કુદરતે રીતસરનો કહેર વર્તાવ્યો છે. ટ્રામી વાવાઝોડું ફિલિપાઈન્સના કેટલાય વિસ્તારોનું નામોનિશાન મિટાવી ગયું છે. જી હાં, મોતનો આંકડો ૧૫૦ને પાર પહોંચી ગયો છે.. આને ફિલિપાઈન્સની કમનસીબી કહો કે, પછી કુદરતનો પ્રકોપ પરંતુ, આ વર્ષે ફિલિપાઈન્સ પર ત્રાટકનારું આ ૧૧મું ભયાનક વાવાઝોડું છે. વાવાઝોડાના કારણે ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે દેશના ઘણા વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. આધારભૂત સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર વરસાદના કારણે થયેલા ભૂસ્ખલનમાં લગભગ ૧૩૦ લોકોના મોત થયા છે. ચિંતાની વાત એ છે કે, હજુ ૧૦૦થી વધુ લોકો ગુમ છે. તોફાનથી લગભગ ૪૨ લાખ લોકો પ્રભાવિત થયા છે. જેમાંથી લગભગ ૫ લાખ લોકોએ અલગ-અલગ શહેરોમાં આશ્રય લીધો છે.

# રાજકોટમાં આંતરરાષ્ટ્રીય કૂર્મી સેના દ્વારા સ્વ. કેશુભાઈ પટેલની સ્મરણાંજલિ સભા



રાજકોટ,તા.૨૮

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની ચોથી પુણ્યતિથિએ રાજકોટમાં આંતરરાષ્ટ્રીય કૂર્મી સેના દ્વારા સ્મરણાંજલિ સભા યોજાઈ હતી. આ કાર્યક્રમમાં રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટને કેશુભાઈ પટેલનું નામ આપવા ઠરાવ થયો હતો. આ અંગે આગામી સમયમાં કેન્દ્ર સરકાર સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં પાટીદાર ઉપરાંત અન્ય સમાજ અને રાજકીય પાર્ટી ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પક્ષના આગેવાનોને બોલાવી 'હમ સબ એક હે'નો સંદેશો આપવામા આવ્યો હતો. આ તકે કેશુભાઈની વિશાળ પ્રતિકૃતિ સાથે સરદાર પટેલ અને છત્રપતિ શિવાજી મહારાજના કટઆઉટ જોવા મળ્યાં હતાં.

# ખોડલધામ ખાતે ૧૦ નવેમ્બરે સમાજના સફળ અધિકારીઓ-કર્મચારીઓનું સ્નેહમિલન યોજાશે



રાજકોટ, તા.૨૮

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા સંચાલિત શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન- રાજકોટ અને શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ-રાજકોટ દ્વારા વર્ષોથી સર્વ સમાજના યુવાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગો રાજકોટ શહેરના શ્રી સરદાર પટેલ ભવન ખાતે ચાલી રહ્યા છે. જેમાં યુપીએસસી, જીપીએસસી ઉપરાંત વર્ગ ૧, ૨ અને ૩ની સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગોમાંથી તાલીમ લઈને અનેક યુવાનો વિવિધ સરકારી વિભાગમાં પ્રતિષ્ઠિત જગ્યા પર ફરજ બજાવી રહ્યા છે. સંસ્થામાંથી તાલીમ મેળવીને સરકારી નોકરી મેળવનારા તમામ તેજસ્વી યુવાનોના સ્નેહમિલન સમારોહનું આયોજન ૧૦ નવેમ્બર, રવિવારે શ્રી ખોડલધામ મંદિર-કાગવડ મુકામે કરવામાં આવ્યું છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં સવારે ૧૦-૩૦ થી ૧૨-૩૦ સુધી શ્રી ખોડલધામ મંદિરે યોજાનાર તેજસ્વિતા સ્નેહમિલન સમારોહમાં સંસ્થામાંથી તાલીમ લઈને વિવિધ સરકારી વિભાગમાં હાલ ફરજ બજાવતા અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ફાઉન્ડેશન દ્વારા વિવિધ ૫ પ્રકલ્પો શરૂ કરાશે. જેમાં 'શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન ન્યૂઝ લેટર' નામના ત્રિમાસિક ન્યૂઝ લેટરનું વિમોચન કરાશે. સાથે જ ગાંધીનગર ખાતે ફાઉન્ડેશન દ્વારા શરૂ થનાર રીડિંગ રૂમનો પણ પ્રારંભ કરાશે.

# પ્રધાનમંત્રી મોદી અને સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝનો વડોદરામાં રોડ-શો

**પ્રધાનમંત્રી મોદીએ સી-૨૯૫ એરક્રાફ્ટના કોમ્પ્લેક્સનું ઉદઘાટન કર્યુ**

(એ.આર.એલ),વડોદરા,તા.૨૮

ભારત અને સ્પેનના PM ગુજરાતના મહેમાન બન્યા હતો. વડોદરાના આંગણે નરેન્દ્ર મોદી અને પેડ્રો સાંચેઝનો ભવ્ય રોડ શો યોજાયો હતો. બંનેને આવકારવા રોડની બંને સાઈડ મોટી સંખ્યામાં લોકો ઊમટ્યા હતા. બંને વડાપ્રધાને ખુલ્લી જીપમાં લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. ત્યારે લોકોએ મોદી...મોદી...ના નારા લગાવ્યા હતા. બાદમાં પીએમ નરેન્દ્ર મોદી અને પેડ્રો સાંચેઝે ભારતના પ્રથમ C-૨૯૫ એરક્રાફ્ટ ફાઈનલ એસેમ્બ્લી લાઈનનું ઉદઘાટન કર્યું હતું. ટાટા એરક્રાફ્ટ કોમ્પ્લેક્સમાં પ્રદર્શન નિહાળ્યા બાદ બંને દેશના વડાપ્રધાન એક જ કારમાં સવાર થઈ લક્ષ્મીવિલાસ પેલેસ પહોંચ્યા હતા.



અહીં બન્ને દેશ વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. બાદમાં બન્ને વડાપ્રધાને સાથે લંચ કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડોદરાના પ્રવાસમાં રોડ શો પછી સી-૨૯૫ એરક્રાફટના કોમ્પ્લેક્સનું ઉદઘાટન કર્યુ હતુ. ભારતમાં સ્કિલ્સ અને ડિફેન્સ ઉત્પાદન પર ફોકસ છે. આ ફેક્ટરીથી ભારતમાં નવા ઉદ્યોગોને બળ મળશે. દેશના અનેક નાના શહેરોમાં એર કનેક્ટિવિટી પહોંચાડી છે. વડોદરામાં ફાર્મા, એન્જિનિયરિંગની અનેક કંપનીઓ છે. કેમિકલ અને પાવરની પણ અનેક કંપનીઓ વડોદરામા છે. ગુજરાત સરકારને તેમનાં નિર્ણયો માટે ખૂબ અભિનંદન પાઠવું છું.

મોદીએ વધુમાં કહ્યું હતું કે, ઓક્ટોબર ૨૦૨૨માં જ આ ફેક્ટરીનું નિર્માણ શરૂ થયું હતું. બે વર્ષમાં આ ફેક્ટરી એરક્રાફટના નિર્માણ માટે તૈયાર છે. ભારતમાં ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ નવી ઉંચાઈઓ પર પહોંચી ગયું છે. ૧૦ વર્ષ પહેલાં જે પગલાં લેવા શરૂ કર્યા હતા તેનું આ પરિણામ છે. અમે નવા રસ્તે ચાલવાનું પસંદ કર્યું, તેનું આ પરિણામ છે. શક્યતાને સમૃદ્ધિમાં બદલવા યોગ્ય પ્લાન, ભાગીદારી જરૂરી છે. ટાટા એડવાન્સ સિસ્ટમનાં ઉદ્ઘાટન સમયે મોદીએ વધુમાં કહ્યું હતું કે, સી– ૨૯૫ એરક્રાફટનું ઉત્પાદનનું હવે નિર્માણકાર્ય થશે. એરબસ અને ટાટાની ટીમને ખુબ-ખુબ શુભેચ્છાઓ. આપણે દેશના મહાન સપૂત રતન ટાટાજીને ગુમાવ્યા છે. રતન ટાટાજીને આજે સર્વાધિક ખુશી થઈ હોત, તેમની આત્મા જ્યાં હશે ત્યાં આજે પ્રસન્ન હશે. નવા ભારતના નવા વર્ક કલ્ચરને આ સિસ્ટમ અસર કરે છે. ભારત કઈ સ્પીડથી કામ કરે છે તે અહીં દેખાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આજથી અમે ભારત અને સ્પેન વચ્ચેની ભાગીદારીને નવી દિશા આપી રહ્યા છીએ. અમે સી-૨૯૫ એરક્રાફટના ઉત્પાદન માટે ફેક્ટરી શરૂ કરી રહ્યા છીએ. આ ટ્રાન્સપોર્ટ એરક્રાફટ ભારતીય હવાઈદળના એવરો-૭૪૮નું સ્થાન લેશે. આ પ્રોજેક્ટ ૨૨ હજાર કરોડ રૂપિયાનો છે અને બે વર્ષ પહેલા તેનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. તાજેતરમાં મૃત્યુ પામેલા ટાટા ગ્રુપના ચેરમેન રતન ટાટાનો આ ડ્રીમ પ્રોજેક્ટ હતો. આ પ્રોજેક્ટના લીધે ૧૫ હજારથી વધુ લોકોને પ્રત્યક્ષ રોજગારી મળશે. પછી ટાટાની ફેક્ટરી ૨૦૨૬થી ૨૦૩૧ દરમિયાન ૪૦ પ્લેન પૂરા પાડશે.

# અમદાવાદ એરપોર્ટ પરથી ૨.૧૧ કરોડનો ગાંજો ઝડપાયો

અમદાવાદ,તા.૨૮

અમદાવાદ એરપોર્ટ પરથી અવારનવાર ડ્ર્ગ્સ, સોનાની દાણચોરી સહિતના કિસ્સાઓ સામે આવતા હોય છે ત્યારે દિવાળીના તહેવારને હવે ગણતરીના કલાકો બાકી છે એવામાં અમદાવાદ એરપોર્ટ પરથી હાઈબ્રીડ ગાંજો ઝડપાયો છે. થાઈલેન્ડથી ૭ લોકો ૨ કરોડ ૧૧ લાખનો હાઈબ્રિડ ગાંજો લઈને અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા હતા. આ સમયે એરપોર્ટ અને CISFની ટીમ દ્વારા ગાંજો ઝડપી તમામ લોકોની ધરપકડ કરવામાં આવી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે હાલ શહેરમાં તહેવારોનો માહોલ છે અને આવનારા સમયમાં ડિસેમ્બર મહિનામાં પણ ઘણી વખત ડ્ર્ગ્સ પકડાતું હોય છે, ત્યારે તે દિશામાં પણ પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. અમદાવાદ એરપોર્ટ પરથી આજે ફરી એક વખત વિદેશી નાગરિક ડ્ર્ગ્સ લઈને આવતા હોવાની વિગતો એજન્સીને મળી હતી. જેના આધારે સ્થાનિક પોલીસ અને CISFની ટીમ દ્વારા વોચ ગોઠવીને સાત લોકોની ધરપકડ કરી હતી. તેમની પાસેના સામાનમાંથી હાઈબ્રિડ ગાંજો મળી આવ્યો હતો. જેની અંદાજે કિંમત ૨ કરોડ ૧૧ લાખ જેટલી થાય છે.





























